ટોનર રીફીલીંગ
15 મીનીટમાં માત્ર રૂ.150
JEENKU TONER HUB
સંત કંવરરામ ચોક, ગુરુનાનક, ગુરુદ્વારા સામે.
Mo. 7600876357


# ગુજરાત છાયા

RNI No. :- GUJGUJ16896
E-mail :gujaratchhaya4454@gmail.com
માલિક, મુદ્રક, પ્રકાશક : ઈરફાનભાઈ ખીમાણી • મેનેજીંગ તંત્રી : ઈરફાનભાઈ ખીમાણી • તંત્રી : રેખા જોશી
ઓફિસ : ગીતાંજલી કોમ્પલેક્ષ, મહાપાલિકાની બાજુમાં, ભાવનગર. ફોન : ૯૩૨૭૩૦૪૬૩૬ • Dt. 14-06-2022 • મંગળવાર • પાના - ૭ • વર્ષ : ૦૩


જય પરશુરામ
ઉધઈ
આપના મકાન - બંગલા - ફ્લેટમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ
એન. ડી. ભટ્ટ
સરકારમાન્ય
MO. :- 9925457777

જય સ્વામીનારાયણ
એસેમ્બલ પાણી ફિલ્ટર તથા આર.ઓ. ફિલ્ટરની વસ્તુ
વોટર ફિલ્ટર માટે સ્પન ફિલ્ટર
મેમ્બ્રન, મોટર, સ્પન ખરીદવા
ફક્ત ૪૦ રૂપિયા
મીરા એન્ડ કંપની
શોપ નં. ૫૧, બીજા માળે, બિઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ગંગાજળીયા તળાવ, ભાવનગર
ઓનલાઈન મેળવો.
ghanshyamecom.in


જોઈએ છે
વેચાણથી સારા એરિયામાં
2 BHK ફ્લેટ
ટેનામેન્ટ,ડુપ્લેક્સ
દલાલ માફ
M. 8780442466

# રાહુલ ગાંધીની ૯ કલાક પુછતાછ : કોંગ્રેસ રોડ પર

## આજે બીજા દિવસે પણ ઈડી રાહુલની પુછતાછ કરશે : દેશભરમાં કોંગ્રેસનો જબરદસ્ત દેખાવો : રાહુલે ઈડીને કહયું, જો રાત રોકાવાનું હોય તો વાળુ કરીને પાછો આવું





ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

નેશનલ હેરાલ્ડ કેસમાં ED દ્વારા રાહુલ ગાંધીની લગભગ ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી. તે હજુ પણ તપાસ એજન્સીની ઓફિસમાં જ છે. રાહુલે મોડી રાત સુધી થઈ રહેલી પૂછપરછ દરમિયાન EDના અધિકારીને કહ્યું કે શું રાત્રે અહીં જ રોકવાનો ઈરાદો છે. જો હાં તો હું રાતનું ભોજન કરીને પાછો આવું.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તપાસ એજન્સીએ તેમને પૂછપરછ માટે કાલે એટલે મંગળવારે ફરી બોલાવી શકે છે. એજન્સી તેમના જવાબથી સંતુષ્ટ નથી. તેમની પાસેથી કેટલાંક પેપર્સ પણ માગ્યા છે.

### ઠેર-ઠેર પોસ્ટરો લાગ્યા યે રાહુલ હૈ ઝુકેગા નહીં : પ્રિયંકા ગાંધી સતત તેના ભાઈ રાહુલ સાથે રહી, કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મેદાનમાં આવી ગયા

આ પહેલાં સોમવાર સવારે EDએ રાહુલની લગભગ ૩ કલાક સુધી પૂછપરછ કરી. જે બાદ બપોરે લગભગ ૩ વાગ્યે લંચ બ્રેક થયો અને રાહુલ સીધા જ સર ગંગારામ હોસ્પિટલ ગયા જ્યાં સોનિયા ગાંધી સાથે મુલાકાત કરી. તેમની સાથે પ્રિયંકા ગાંધી પણ હતા. લગભગ ૪૦ મિનિટ પછી રાહુલ ફરી ઊઉની ઓફિસમાં પરત ફર્યા જે બાદ તેમની ફરી પૂછપરછ શરૂ થઈ. પાર્ટી પ્રવક્તા અને સાંસદ રણદીપસિંહ સુરજેવાલાએ કહ્યું કે પૂર્વ ગૃહ મંત્રી પી ચિદમ્બરમની સાથે પોલીસે ધક્કામુક્કી કરી, ચશ્મા જમીન પર ફેંક્યા, તેમને જમણીબાજુ હેરલાઈન ફ્રેક્ચર છે. સાંસદ પ્રમોદ તિવારીને પણ રસ્તા પર ધક્કો મારવામાં આવ્યો, માથામાં ઈજા અને તેમને (અનુ. ચોથા પાને)

# અયોધ્યા જિલ્લા કોર્ટને ઉડાવી દેવાની ધમકી

અયોધ્યા,તા.૧૩

આતંકી હુમલાનો ડંખ ઝેલી ચૂકેલી કચેરીને ફરી એક વખત બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી છે. ગત ૨ જૂનના રોજ પોસ્ટના માધ્યમથી ધમકી ભરેલો પત્ર જિલ્લા કોર્ટના કાર્યાલયમાં મોકલવામાં આવ્યો હતો. આ બાબતે ગોપનીય તપાસ કરી. ધમકી ભરેલો પત્ર જે વ્યક્તિના નામથી મોકલવામાં આવ્યો હતો, તપાસમાં તે નિર્દોષ મળ્યો છે. છતા કોતવાલી નગરમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ કેસ દાખલ કરાવવામાં આવ્યો છે. સિવિલ કોર્ટ પોલીસ સ્ટેશનના પ્રભારી વિનય કુમાર તરફથી ફરિયાદ દાખલ કર્યા બાદ તે સંવેદનશીલ પ્રકરણ ઉજાગર થયું. જોકે કેચેરીની સુરક્ષા પહેલા જ પૂરતી છે, પરંતુ ધમકી ભરેલો પત્ર મળ્યા બાદ દેખરેખ હજુ વધારી દેવામાં આવી છે. કચેરી સાથે સાથે રામનગરીમાં પણ અતિરિક્ત સુરક્ષા અને દેખરેખ રાખવામાં આવી રહી છે. ગત ૨ જૂનના રોજ પુરાકલંદરના રહેવાસી રાશિદ નામથી ધમકી ભરેલો પત્ર મોકલવામાં આવ્યો હતો. પત્ર મળ્યા બાદ આ બાબતે પોલીસને જાણકારી આપવામાં આવી. કચેરી સાથે જોડાયેલા આ સંવેદનશીલ પ્રકરણને લઈને પોલીસે ગોપનીય રૂપે પત્રની તપાસ કરવી.તપાસ કરવા પોલીસ જ્યારે દોલતપુર પહોંચી તો રાશિદે જણાવ્યું કે, પત્ર બાબતે તેને કોઈ જાણકારી નથી. ૧૪-૧૫ વર્ષ બાદ રાશિદનો પરિવાર આર્થિક રૂપે નબળો છે. ઘણા ચરણોની પૂછપરછ બાદ પોલીસે જાણ્યું કે, પત્ર લખનારના રૂપમાં રાશિદનું નામનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### રૂપિયો ઉંધા માથે ગબડયો : ૧ ડોલરના ઈન્ટ્રા-ડે ૭૮.૨૯

નવી દિલ્હી તા. ૧૩

ડોલર સામે રૂપિયો આજે ઉંધામાથે ગબડયો છે. ડોલર સામે રૂપિયો આજે ૪૬ પૈસા તૂટી ૭૮.૨૯ની ઓલટાઈમ લોની સપાટીએ પહોંચી ગયો છે. જેની ઘેરી અસર પડશે. આયાત મોંઘીદાટ થઈ જશે. એટલુ જ નહિ મોંઘવારીનો રાક્ષસ બેફામ બનીને ધુણવા લાગશે. છેલ્લો ભાવ બપોરે ૭૮.૦૭ છે. શેરબજારમાં વેચવાલીના કારણે બજારમાં ફરી સલામતી તરફ દોટ જોવા મળી રહી છે. વિદેશી ફન્ડ્સની સતત વેચવાલીને કારણે ભારતીય ફોરેક્સ અનામત ઘટી રહી છે. આજે બજાર ખુલતા ડોલર સામે રૂપિયો વધુ ૪૬ પૈસા ઘટી ૭૮.૨૯ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ પટકાયો છે. ભારતીય શેરબજારમાં એકતરફી વેચવાલી અને સામે પક્ષે ક્રૂડ-ડોલરની તેજી ભારતીય રૂપિયા પર દબાણ સર્જી રહી છે.

ભવાની ટ્રાવેલ્સ
ટેક્સી વ્યાજબી ભાડે મળશે
ડસ્ટન ગો+ભાવ : Non AC 9.25 & AC 10.25
સ્વીફ્ટ ભાવ : Non AC 9.25 & AC 10.25
New Ertiga : Non AC 11.50 & AC 12.00
ન્યુ કાર દ્વારા ડ્રોપ / પીકઅપ (4 સીટર / 7 સીટર)
Non AC
ભાવનગર થી અમદાવાદ 4 સીટર : 2800 - 7 સીટર : 3600
ભાવનગર થી બરોડા 4 સીટર : 3300 - 7 સીટર : 3800
ભાવનગર થી રાજકોટ 4 સીટર : 2800 - 7 સીટર : 3600
કાયમીક ડ્રાઈવરની જરૂર છે
અજય પાઠક : 9426455405 / 9374860036

ENGLISH MEDIUM TUTIONS
Nursery To 7th STD
Saniya Malek Mo. 9909805050
Opp. Shishuvihar School, Bhavnagar.

ઠાકરશીભાઈ પટેલ
M.9825367190/9898698699
ચામુંડા બોરવલ
પથ્થર તથા માટીના બોર માટે મળો
૫-ઈંચ થી ૨૦-ઈંચ
શોપ : બાલાભાઈ ચા વાળા ગંગાજળીયા તળાવ, દુધના મશીન પાસે, ભાવનગર.

7265 92 9999 / 77788 2 4949
રજવાડી વુડન ડોર
દરેક સાઈઝમાં બારી-દરવાજા પ્યોર સાગમાંથી સાદા તેમજ રજવાડી ઓર્ડર મુજબ બનાવી આપીશું.
ખારગેટ, મામાકોઠા રોડ, હરીભાઈ, ખમણવાળાની બાજુમાં, ભાવનગર.

સ્વામીશ્રી પરમહંસ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલીત
ગોપીનાથજી ડિપ્લોમા સેન્ટર-શિહોર
શિવદર્શન સોસાયટી, વેલનાથ સોસાયટીની બાજુમાં, ભાવનગર રાજકોટ રોડ, સિહોર. મો. 9426261894
(પ્રવેશ શરૂ છે) સમય : 9 થી 5
ડીપ્લોમાનાં કોર્ષ ધો.12 પાસ
• DHSI (ડિપ્લોમાં હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર)
• D.F.S. (ડિપ્લોમાં ઈન ફાયર સેફ્ટી)
• D.H.M. (ડિપ્લોમાં ઈન હોસ્પીટલ મેનેજમેન્ટ)
B.A. / B.Com / M.A. / M.Com / MSW
ડિપ્લોમાં દરેક કોર્ષનું મટીરીયલ્સ ફ્રી માં આપવામાં આવશે.
સંપર્ક : 9574743031 / 9426167070

પાણી... પાણી... પાણી
સદ્ગુરુ બોરવેલ
ભડીયાના પથ્થર તોડવા માટે બ્લાસ્ટ કરી આપશું
તદન નવી ગાડી ૧૫૦૦ ફૂટ ઉંડાઈ સુધી બોર કરવા માટે મળો.
કુવામાં આડા બોર, વાડીમાં ઉભા બોર, ઘર માટે સાકડી જગ્યામાં બોર કરી આપીશું અર્થિંગના બોર કરી આપશું
ભાવનગર-ગારિયાધાર-દામનગર-પાલિતાણા
બાલાભાઈ એ. પરમાર :9998104199, 9638171586, 9426288429
રાહુલ બી. પરમાર 9428858283/ જીગ્નેશ બી. પરમાર 9624969616
માટીના બોર કરવા માટે મળો. અજયભાઈ M.9654679857
આસપાસના તમામ ગામડાઓમાં બોરીંગ કરી આપવામાં આવશે.

૩૫૦૦૦ ડાઉનપેમેન્ટ બાકી ના સરળ હપ્તા % વ્યાજે
૭૦૧૬૪૪૧૯૫૫
૯૭૩૭૮૦૯૬૮૦
RS SODA FOUNDATION MACHINE
સોડા મશીન હપ્તેથી મળશે.
૩ વર્ષની વોરંટી
ડીજીટલ ફંકશન સાથે
૨૫૦૦ ગ્લાસની ફ્લેવર ફ્રીમાં
એક્સચેન્જ ઓફર શરૂ છે.

Autho. Dealer
Save Money on Fuel & Live your Dream
TOMASETTO ACHILLE, EuropeGAS, livon gas, STAG, EcoTek, BAJAJ FINSERV
ISO 9000:2008 Certified company
Jitubhai Barad
9426922566
9374201136
ગુરૂકૃપા ઓટો ગેસ કન્વર્ઝન
ઇટાલીયન & ઇન્ડિયન
પ્લોટ નં. 4, ગૌરીશંકર સોસાયટી SBI ATM સામે, જ્વેલ્સ સર્કલ પાસે RTO રોડ, ભાવનગર 364001
gurukrupa.autogas@gmail.com
gurukrupa.autogas@yahoo.com

# અદાણી ગ્રુપને પ્રોજેક્ટ આપવાનું મોદીએ દબાણ કર્યાની વાત પોકળ : શ્રીલંકા



નવી દિલ્હી તા. ૧૩

શ્રીલંકાના અધિકારીએ પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે પર શ્રીલંકાનો મોટો પાવર પ્રોજેક્ટ સીધો ગૌતમ અદાણી ગ્રુપને આપવા દબાણ કરવાના દાવાને પાછો ખેંચી લીધો છે. રાષ્ટ્રપતિ રાજપક્ષેએ તેનો સખત ઇનકાર કર્યો છે. શ્રીલંકાના વિદ્યુત પ્રાધિકરણના વડા દ્વારા પાછા ખેંચવામાં આવેલા આરોપ પર સરકારે કોઈ ટિપ્પણી કરી નથી. આરોપોમાં શ્રીલંકાના મન્નાર જિલ્લામાં ૫૦૦ મેગાવોટના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. શ્રીલંકાના સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડના અધ્યક્ષ ખખઈ ફર્ડિનાન્ડોએ શુક્રવારે સંસદીય પેનલને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ રાજપક્ષેએ તેમને કહ્યું હતું કે ડ્ઢખ મોદીએ તેમના પર પવન ઉર્જા પ્રોજેક્ટ સીધો અદાણી જૂથને સોંપવા દબાણ કર્યું હતું. ટ્વિટર પર પોસ્ટ કરવામાં આવેલ એક વિડિયોમાં ફર્ડિનાન્ડો કમિટી ઓન પબ્લિક એન્ટરપ્રાઈઝિસ દ્વારા ખુલ્લી સુનાવણીમાં દાવો કરતા જોવા મળે છે. અખબારના અહેવાલો અનુસાર, (અનુ. ચોથા પાને)

# ધ લેડી ઓફ હેવન ફિલ્મ પર બ્રિટનમાં બબાલ, વિરોધ કરવા પર સરકારે ઈમામને હટાવ્યા

લંડન,તા.૧૩

બ્રિટન સરકારે એક નવી ફિલ્મ ધ લેડી ઓફ હેવનના પ્રદર્શન પર પ્રતિબંધ લગાવવાના અભિયાનનું સમર્થન કરવા પર એક ઈમામની સ્વતંત્ર સલાહકારના રૂપમાં નિમણૂંકને પરત ખેંચી લીધી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે ફિલ્મમાં પયગંબર મોહમ્મદની પુત્રીની કહાની છે. ઈમામ કારી આસિમ સરકારના ઈસ્લામોફોબિયા (ઈસ્લામ પ્રત્યે ધૃણા કે ડર) સલાહકાર હતા અને સરકારના મુસ્લિમ ધૃણા વિરોધી કાર્ય સમૂહના ઉપાધ્યક્ષ પણ હતા.

ઈમામને સરકારી પત્રના માધ્યમથી સૂચના આપવામાં આવી કે ફિલ્મ 'ધ લેડી ઓફ હેવન'ના વિરોધ માટે તેમનું સમર્થન કલાત્મક અભિવ્યક્તિને પ્રતિબંધિત કરે છે તથા સાંપ્રદાયિક તણાવને વધારનારૂ છે. આ સપ્તાહની શરૂઆતમાં બ્રિટનના સિનેમાઘરોએ પોતાના કર્મચારીઓ અને ગ્રાહકોની સુરક્ષાને જોતા ફિલ્મનું સ્ક્રીનિંગ રદ્દ કરી દીધુ હતું. ફિલ્મની વેબસાઈટ અનુસાર આ પયગંબર મોહમ્મદની પુત્રી લેડી ફાતિમાની કહાની છે.

લીડ્સ સ્થિત મક્કા મસ્જિદના પ્રમુખ ઈમામ, અસીમને મોકલેલા સરકારી પત્ર અનુસાર, 'સ્વતંત્ર અભિવ્યક્તિને સીમિત કરવા માટે અભિયાન માટે તમારા હાલના સમર્થને સાંપ્રદાયિક તણાવમાં વધારો કર્યો છે. તેનો અર્થ છે કે હવે તમારા માટે સામુદાયિક સદ્ભાવને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવેલી ભૂમિકાઓમાં સરકારની સાથે કામ જારી રાખવાનું યોગ્ય નથી.'

# કોડીનારના જંત્રાખડી ગામમાં નરાધમે ૮ વર્ષની બાળકી પર આચર્યું દુષ્કર્મ

જૂનાગઢ તા. ૧૩

કોડીનાર તાલુકાના જાંત્રાખડી ગામમાં ૮ વર્ષની બાળકી પર નરાધમે દુષ્કર્મ આચર્યું હતું, બાળકીના મોઢાંમાં ડૂચો મારીને આ કૃત્ય કરતા બાળકીનું મોત થિ ગયું હતુ, આ નરાધમે બાળકીની લાશને ગામની બહાર અવાવરૂ જગ્યાએ ફેંકી દીધી હતી.આ બનાવની જાણ થતા પોલીસ કાફલો જંત્રાખડી દોડી ગયો હતો અને આરોપીને ઝડપી લીધો હતો.



કોડીનાર તાલુકાના જાંત્રખાડી ગામના ૮ વર્ષીય બાળકીના પિતા બહાર ગામ રહે છે. અને માતા મજૂરી કામ કરે છે.શામજી ભીમા સોલંકીએ બાળકીને પૈસા આપીને પોતાના માટે બીડી-બાંકસ અને સેવ મંગાવ્યા હતા. આ બધુ આપવા શામજીના ઘરે ગઈ હતી

નરાધમે ૮ વર્ષની માસુમ બાળકીને એકલી જોતાં ઘરમાં ખેંચીને લઇ ગયો હતો અને દરવાજો બંધ કરીને તેના પર દુષ્કર્મ આચર્યું હતુ. શામજીએ બાળકી પર દુષ્કર્મ આચરતી વખતે તે ચીસો ન પાડે એ માટે મોંઢે ડૂચો મારી દીધો હતો જેથી બાળકીનું મોત થઇ ગયું હતુ,આ બાળકીની નિર્દયતાપૂર્વક હત્યા કરીને લાશને કોથળામાં ભરીન અવાવરૂ જગ્યાએ ફેંકી દીધી હતી.બાળકીની માતાએ પુત્રીને ન જોતાં તેમણે પાડોશીને ત્યાં તપાસ કરી હતી. પાડોશીએ જણાવ્યું કે તેને સેવ લેવા મોકલી હતી પણ તે હજુ સુધી પાછી આવી નથી.

માતાએ શોધખોળ કરતા ખબર પડી કે બાળકીની લાશ અવાવરૂ જગ્યા પર પડી છે, આ વાતની જાણ માતાને થતા તેઓ પડી ભાગ્યા હતા. નરાધમ શામજી માછીમાર છે અને તે બે સંતાનોનો પિતા છે. દારૂ પીને ઘરમાં ધમાલ કરતા તેની પત્ની કેટલાક સમયથી રિસામણે છે. પોલીસે આરોપીને ઝડપી પાડીને બાળકીનું પંચનામુ કરીને લાશને કોડીનાર પીએમ માટે લઈ જવાઇ છે. નરાધમ શામજીને કડકમાં કડક સજા થાય એવી સ્થાનિકોની માંગણી છે.

# શક્તિ કપૂરના પુત્ર સિદ્ધાંત કપૂરની ડ્રગ્સ કેસમાં ધરપકડ

## બોલિવૂડમાં ફરી ડ્રગ્સનો મામલો સામે આવ્યો : બેંગ્લોર પોલીસે હોટલમાં દરોડો પાડીને પાર્ટી માણતાં ૫૦ યુવક-યુવતીઓને ઝડપી લીધા

બેંગ્લોર તા. ૧૩

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર સાથે જોડાયેલા મોટા સમાચાર સામે આવ્યાં છે. અભિનેત્રીના ભાઈને બેંગ્લોર પોલીસે કસ્ટડીમાં લીધો છે. સિદ્ધાંત કપૂર પર ડ્રગ્સ લેવાનો આરોપ છે. સુશાંત સિંહ રાજપૂતના મૃત્યું બાદ બોલીવુડમાં સમયાંતરે ડ્રગ્સના મામલા ચર્ચામાં છે. આ મામલે અત્યાર સુધી ઘણા સેલેબ્સના નામ સામે આવ્યાં છે.સાથે જ તેમની બીજી પુણ્યતિથિ પહેલા ડ્રગ્સનો બીજો મામલો ગરમાયો છે.

ડ્રગ્સ કેસમાં ફસાયેલા શક્તિ કપૂરના પુત્ર સિદ્ધાંત કપૂરને પોલીસે બેંગ્લોરથી ઝડપી લીધો છે. બાતમીને આધારે પોલીસે એમજી રોડ પરની હોટલમાં દરોડા પાડ્યાં હતા.જ્યાં શ્રદ્ધા કપૂરના ભાઈ સહિત કુલ ૬ લોકો ડ્રગ્સ ટેસ્ટમાં પોઝિટિવ આવ્યાં છે. દરોડામાં ૫૦થી વધુ યુવક-યુવતીઓની ધરપકડ કરીને મેડિકલ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યાં હતા. ૨૦૨૦ માં અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યું પછી ડ્રગ કેસમાં બોલિવૂડના ઘણા કલાકારોના નામ સતત સામે આવે છે. સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુંના સંબંધમાં કથિત રૂપે ડ્રગ્સ રાખવા બદલ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા પૂછપરછ કરવામાં આવેલી અભિનેત્રી શ્રદ્ધા કપૂર પણ હતી.જો કે, આ સમયગાળા દરમિયાન કંઈ સાબિત થયું ન હતું અને હવે તેનો ભાઇ પોલીસના હાથે ઝડપાઇ ગયો છે.



# સિદ્ધુ મૂસેવાલા કેસઃ બિશ્નોઇ ગેંગના શૂટર સંતોષ જાદવની કચ્છમાંથી કરાઇ ધરપકડ

કચ્છ તા. ૧૩

પુણે ગ્રામીણ પોલીસે બિશ્નોઈ ગેંગના શૂટર સંતોષ જાદવની કચ્છમાંથી ધરપકડ કરી છે, જેને પંજાબી ગાયક અને રાજકારણી સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં શંકાસ્પદ તરીકે નામ આપવામાં આવ્યું છે અને તે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો છે. પુણે ગ્રામીણ પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે દેખાવ બદલવા માટે માથું મુંડાવનાર સંતોષ જાધવને રવિવારે રાત્રે તેમની એક ટીમ દ્વારા ગુજરાતના કચ્છ જિલ્લાના માંડવીમાંથી ધરપકડ કરવામાં આવી છે. બાદમાં તેની પોલીસ કસ્ટડી સુરક્ષિત કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે ૨૩ વર્ષીય જાધવ અને પુણેના અન્ય રહેવાસી સિદ્ધેશ કાંબલે ઉર્ફે સૌરવ ઉર્ફે મહાકાલના નામ મૂસેવાલા હત્યા કેસમાં સામે આવ્યા હતા. ટીમે જાધવના સહયોગી નવનાથ સૂર્યવંશીની પણ ધરપકડ કરી છે, જે સિદ્ધુ મૂઝવાલા કેસ સાથે જોડાયેલ હોવાનું બહાર આવ્યું છે. શરૂઆતમાં અટકાયતમાં લેવાયેલા સૂર્યવંશીએ જાધવનું લોકેશન જાહેર કર્યું હતું. કાંબલેએ આપેલી માહિતીના આધારે ધરપકડ કરવામાં આવી હતી.

આ તમામ શકમંદો કાંબલે, જાધવ અને સૂર્યવંશી અમારી પ્રાથમિક તપાસ મુજબ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા છે. તેઓએ મૂસેવાલા કેસમાં ભૂમિકા ભજવી છે. જાધવ અને સૂર્યવંશીને રવિવારે મધ્યરાત્રિની આસપાસ પુણેની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમને ૨૦ જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા છે. કાંબલેએ બિશ્નોઈ ગેંગ માટે અમુક સ્થાન અને લક્ષ્યોની શોધ





કરી હતી. કાંબલેને જાણ હતી કે બોલીવુડ અભિનેતા સલમાન ખાનને ધમકીભર્યો પત્ર મોકલવામાં આવી રહ્યો છે. જાધવ અગાઉ ઓગસ્ટ ૨૦૨૧ માં પુણેના મંચર વિસ્તારમાંથી ગુનેગાર ઓંકાર બાંખેલે ઉર્ફે રાન્યાની ઘાતકી હત્યાના સંબંધમાં પુણે ગ્રામીણ પોલીસ દ્વારા વોન્ટેડ હતો. પુણે ગ્રામીણ પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે તેઓએ બાંખેલેના સંબંધમાં જાધવની ધરપકડ કરી છે. જાધવ જે પુણે જિલ્લાના પોખરી ગામનો વતની છે, તેની વિરુદ્ધ પુણે ગ્રામીણ પોલીસમાં હત્યા, હત્યાનો પ્રયાસ અને ખંડણી સહિતના પાંચ જેટલા કેસ નોંધાયેલા છે. તેના પર મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ખઈઘઈઅ) હેઠળ પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. બાંખેલેની હત્યા બાદ જાધવને આશ્રય આપવાના આરોપમાં પુણે ગ્રામીણ પોલીસે પુણે-અમદાનગર જિલ્લાની સરહદેથી કાંબલેની ધરપકડ કરી લીધી છે. આ વખતે તેનું નામ સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં ચર્ચામાં હતું. તપાસ ટીમનું માનવું છે કે સંતોષ જાધવ મૂસેવાલાની હત્યામાં શાર્પશૂટર હતો.

કોંગ્રેસના નેતા અને ગાયક શુભદીપ સિંહ સિદ્ધુ ઉર્ફે સિદ્ધુ મૂસેવાલાની ૨૯ મેના રોજ માનસા નજીક ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, પંજાબ પોલીસે કહ્યું હતું કે ૨૭ વર્ષીય મૂસેવાલાને જ્યારે અન્ય બે લોકો સાથે માનસા જિલ્લાના જવાહર ગામમાં એસયુવી લઈને જઈ રહ્યા હતા ત્યારે ગોળી વાગી હતી. તેમને તાત્કાલિક માનસા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

# આઈએએસ-આઈપીએસને હવે બદલીઓનો ઈન્તજાર

ગાંધીનગર,તા.૧૩

રાજ્ય સરકારે જરુર પૂરતી આઈપીએસ બદલીઓની જાહેરાત કરી દીધી છે. આ સાથે છૂટક છૂટક આઇએએસ બદલીઓના ઓર્ડર પણ કરી રહી છે. પરંતુ ઈલેકશનલક્ષી મોટા પાયે બદલીઓનો હજુ સૌ કોઈને ઈન્તજાર છે. સૂત્રોનું માનીએ તો, હજુપણ રાજ્ય સરકાર આગામી ડિસેમ્બર મહિનામાં યોજાનાર વિધાનસભા ચૂંટણી સાવ નજીકનાં આવે ત્યાં સુધી ઈલેકશનલક્ષી બદલીઓ કરવાની ઉતાવળમાં નથી. હાલ પુરતું તો આઇએએસ અને આઈપીએસની જરુરિયાત અનુસાર છૂટક બદલીઓ આવતી રહેશે. પરંતુ ચૂંટણીલક્ષી બદલીઓ- પછીએ આઇએએસની હોય કે આઈપીએસની - એમાં હજુ સમય નિશ્ચિંતતા નથી. બદલીઓનો ગંજીપો ચીપાવાને ભલે વાર હોય પણ - ક્રીમ પોસ્ટની રેસમાં સૌથી આગળ રહેવા આઈએએસ - આઈપીએસમાં લોબિંગ અને સ્પર્ધા શરુ થઈ ચૂકી છે. રાજ્યના ડીજીપી આશિષ ભાટીયાને ૮ મહિનાના એક્સટેન્શનની લોટરી લાગતા હવે અમદાવાદ પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવના ડીજીપી બનવાની શક્યતાઓ પર પાણી ફરી વળ્યું છે. આશિષ ભાટીયાને એક્સટેન્શન મળતા હવે રાજ્યની નવી સરકાર આવે ત્યાં સુધી એટલે કે, જાન્યુઆરી મહિનાના અંત સુધી ડીજીપી આશિષ ભાટીયા રાજ્યના પોલીસ વડા તરીકે ચાલુ રહેશે.

ત્યારબાદ પણ કેડરવાઈઝ સૌથી સિનિયર આઈપીએસ અધિકારી સંજય શ્રીવાસ્તવ ડીજીપી નહીં બની શકે. કારણકે - ડીજીપી બનવા માટે વય નિવૃત્તિ પહેલાનો ૬ મહિનાનો કાર્યકાળ બાકી હોવો જરુરી છે.

# પોલીસ ચોકીમાં બાયટિંગ પાથરીને બિંદાસ્ત દારૂની પાર્ટી કરતી હતી પોલીસ

અમદાવાદ,તા.૧૩

આખા ગુજરાતમાં દારૂબંધીનો કડક રીતે અમલ થાય તેની જવાબદારી ગુજરાત પોલીસના માથે છે ત્યારે જો પોલીસ જ આ દારૂના દૂષણમાં ફસાયેલી હોય તો બીજાનું શું કહેવું? અમદાવાદમાં ટ્રાફિક પોલીસ ચોકીમાં પોલીસના કર્મચારીઓએ એક કાંડ કરી નાંખ્યો છે. જેની હાલમાં ખુબ ચર્ચા થઇ રહી છે. આ ઘટનાને જોતા રાજયમાં દારૂબંધીનાં લીરેલીરા ખુદ પોલીસ ઉડાવી રહી છે. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ શહેર પોલીસના જવાનો નવરંગપુરા વિસ્તારમાં આવેલા સરદાર પટેલ સ્ટેડિયમની પોલીસ ચોકીમાં જ દારૂ પીતાં અને પાર્ટી કરતા ઝડપાયા છે. અમદાવાદમાં ટ્રાફિક પોલીસ ચોકીમાં દારૂની પાર્ટીનો પર્દાફાશ થતા ચારેબાજુ વિવાદનો વંટોળ ઉભા થયા છે. સ્ટેડિયમ ટ્રાફિક ચોકીમાં પોલીસકર્મીઓએ દારૂની પાર્ટી યોજી હતી, જે રંગેહાથ ઝડપાઈ ગઈ છે. અહીં ટ્રાફિક પોલીસના જવાનો ખુલ્લેઆમ કોઈની બીક રાખ્યા વિના દારૂની મહેફિલ માણી રહ્યા હતા. મહત્વનું છે કે, સરદાર પટેલ સ્ટેડિયમ પોલીસ ચોકીમાં સ્ટેડિયમ બીટ ચોકીના ASI કાંતિ સોમાભાઈ દારૂ પીતા ઝડપાયા છે, આ સિવાય તેમની સાથે ASI સહિત ૪ જવાનો ચોકીમાં દારૂની પાર્ટી કરી રહ્યા હતા.

# રશિયામાં ઓમિક્રોનનો નવો ચેપી-ઘાતક વેરિએન્ટ મળ્યો

મોસ્કો,તા.૧૩

કોરોનાના સંક્રમણમાં વૃધ્ધિ છતાં નિષ્ણાંતો એવો દાવો કરી રહ્યા છે કે નવો વેરીએન્ટ ન હોવાના કારણે નવી લહેરની ચિંતા કરવા જેવું નથી તેવા સમયે રશિયામાં ઓમિક્રોનનો નવો વેરીએન્ટ જાહેર થયો છે તેને પગલે વિશ્રૃવભરના આરોગ્ય નિષ્ણાંતો એલર્ટ બન્યા છે.



રશિયામાં ઓમિક્રોનનો નવો પેટા વેરીએન્ટ મળ્યો છે જે અન્ય વેરિએન્ટની સરખામણીએ ઘણો ચેપી અને ઘાતક હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

બીએ.૪ ઓમિક્રોનના અત્યાર સુધી જારી થયેલા સબ વેરિએન્ટની સરખામણીએ વધુ ખતરનાક ગણાવવામાં આવી રહ્યો છે. વિશ્રૃવ આરોગ્ય સંગઠનના વડાએ તાજેતરમાં એવી ચેતવણી આપી જ હતી કે વિશ્રૃવના જે દેશોમાં રસીકરણ ઓછુ છે તેવા દેશોમાં બીએ.૪ અને બીએ.૫ ઝડપથી પ્રસરી રહ્યો છે. બીએ.૨ પણ અનેક દેશોમાં દેખાઈ રહ્યો છે. ભારતમાં પણ બીએ.૪ સબ વેરિએન્ટના કેસો નોંધાયા જ હતા. જીનોમ સીકવન્સીંગમાં તામીલનાડુ, તેલંગાણા જેવા રાજ્યોમાં બીએ.૪ તથા બીએ.૫ના કેસ નોંધાયા હતા.

દરમિયાન ચીનમાં કેટલાક દિવસોથી કોરોના કાબૂમાં આવી ગયાનું જાહેર થયા બાદ ફરી વખત માથુ ઉંચક્યું હોય તેમ પાટનગર બીજીંગમાં નવા ૧૬૬ કેસો મળ્યા હતા અને તે લોકોના સંપર્કમાં આવેલા ૬૧૫૮ લોકોને કવોરન્ટાઇન કરી દેવામાં આવ્યા છે. સમગ્ર ચીનમાં કુલ ૨૭૫ કેસ જાહેર થયા હતા. તેમાં ૧૩૪ કેસ એસીમ્ટોમેટીક હતા. સતાવાળાઓ દ્વારા તમામ લોકોના ત્રણ વખત ટેસ્ટ કરાવવાની સૂચના જાહેર કરવામાં આવી છે. એક બારમાંથી સંક્રમણ ફેલાયાનું જાહેર થયું છે. ૧૬૬માંથી ૧૪૫ લોકો આ બારમાં ગયા હતાં.

# નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલની ૩ કલાક પૂછપરછ : કોંગ્રેસના પ્રચંડ દેખાવો

## ૫૫ જેટલા સવાલો પૂછાયાની શકયતા : કોંગ્રેસનો દેશવ્યાપી 'સત્યાગ્રહ' ટોચના નેતાઓ, સીએમ, પૂર્વ સીએમ, કાર્યકરોની અટકાયત : પ્રિયંકા મેદાનમાં





નવી દિલ્હી તા. ૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઊ)ના અધિકારીઓ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પૂછપરછ કરી રહ્યા છે. રાહુલ ગાંધીની આ પૂછપરછ ત્રણ કલાક સુધી ચાલી હતી. અંદાજે ૫૫ જેટલા સવાલો પૂછાયા હોવાની શક્યતા. બીજી તરફ પ્રિયંકા ગાંધી તુઘલક રોડ પોલીસ સ્ટેશન ગયા અને કોંગ્રેસના નેતાઓને મળ્યા. મની લોન્ડરિંગ કેસમાં રાહુલ ગાંધી આજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સમક્ષ હાજર થવાના હતા. ઊઊ ઓફિસ પહેલા રાહુલ ગાંધી કોંગ્રેસ કાર્યાલય ગયા હતા. તેમની સાથે તેમની બહેન પ્રિયંકા ગાંધી પણ કોંગ્રેસ કાર્યાલય (અનુ. ચોથા પાને)

# લંડનના લોકડાયરામાં 'કચ્છી કોયલ' પર ડોલર-પાઉન્ડનો વરસાદ

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ગુજરાતના કલાકારો પર વિદેશમાં ડોલરનો વરસાદ થવો હવે સામાન્ય બાબત બની ગઈ છે. ગુજરાતના જાણીતા અને લોકપ્રિય ગાયિકા ગીતાબેન રબારી પર લંડનમાં ડોલરનો વરસાદ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. ગુજરાતી લોકગાયકોના કાર્યક્રમમાં તેમના પર નોટો અને ડોલરોના વરસાદના વીડિયો અવારનવાર સોશિયલ મીડિયામાં વાયરલ થતાં રહે છે. માયાભાઈ આહિર, ગીતા રબારી, કીર્તિદાન ગઢવી, ઉર્વશી રાદડિયા જેવા કલાકારો ગુજરાત જેટલા જ વિદેશમાં પણ લોકપ્રિય છે. ત્યારે તાજેતરમાં કચ્છી કોયલ ગીતા રબારીના લંડન ખાતેના કાર્યક્રમમાં તેમના પર લોકોએ ડોલર અને પાઉન્ડનો વરસાદ કર્યો હતો.



આ વિશે મળતી માહિતી પ્રમાણે, લંડનના હોરોવ લેસી સેન્ટરમાં યોજાયેલા ગીતા રબારીના ડાયરામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. જ્યાં કચ્છી કોયલના ગીતો સાંભળીને લોકો મંત્રમુગ્ધ બનીને ડોલર અને પાઉન્ડનો વરસાદ કર્યો હતો. લંડનમાં ગીતા રબારીના લોક ડાયરામાં વિદેશી ભૂરીઓ અને ગુજરાતી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. લંડનના હોરોવ લેસી સેન્ટર ખાતે યુ.એસ. ડોલર અને યુકે પાઉન્ડનો વરસાદ થયો હતો. જાણીતા ગાયક ગીતા રબારી કે જેમણે 'કચ્છી કોયલ' તરીકે ઓળખવામાં આવે છે, ત્યારે કાર્યક્રમમાં ડોલર અને પાઉન્ડનો વરસાદ થયો છે. ગુજરાતી લોકડાયરાનાં કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભીડ ઉમટી હતી. ત્યારે લોક ડાયરાની મજા માણી રહેલા લોકોએ ગીતા રબારી પર ડોલર અને પાઉન્ડનો વરસાદનો વીડિયો ચારેબાજુ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

તમને જણાવી દઈએ કે અગાઉ પણ જાણીતા ગાયિકા ગીતા રબારી પર ડોલર અને પાઈન્ડના વરસાદ થયા છે, ત્યારે લેબોન હોસ્પિટલિટી ગૃપના સહયોગથી અમેરિકાના બ્રેડફોર્ડ એવન્યુના વેલેન્સિયા હાઈસ્કૂલ ઓડિટોરિયમ ખાતે 'ગીતો ગરવી ગુજરાતના' લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ગુજરાતના કલાકારો ગીતાબેન રબારી, સંજય જાદવ તેમજ જાણીતા લોક સાહિત્યકાર માયાભાઈ આહીરે આ કાર્યક્રમમાં રમઝટ બોલાવી હતી. આ ડાયરામાં ગીતાબેન રબારી અને માયાભાઈ આહીરનું સમ્માન પણ કરવામાં આવ્યું હતું. ગીતાબેન રબારી ઉપર આ ડાયરામાં ૩ લાખ ડોલર એટલે કે ભારતીય ચલણ મુજબ ૨.૨૫ કરોડ રૂપિયાનું ફંડ એકઠું થયું હતું. અમેરિકામાં યોજાયેલ આ ડાયરાનું આયોજન સુરતનાં લેઉઆ પટેલ સમાજ દ્વારા કરાયું હતું. જેનો સોશિયલ મીડિયામાં વિડીયો ખૂબ વાયરલ થયો હતો.

# ઈસ્લામિક કટ્ટરપંથીઓની ધમકીથી નવીન જિંદાલને પરિવાર સાથે દિલ્હી છોડવું પડ્યું



નવીદિલ્હી,તા.૧૩

ભાજપના પૂર્વ નેતા નવીન જિંદાલને પરિવાર સહિત દિલ્હી છોડવા મજબૂર થવું પડ્યું છે. પયગમ્બર મહંમદ પર વિવાદિત નિવેદન આપ્યા બાદ તેમને ભાજપ દ્વારા પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. હવે કટ્ટરવાદીઓ દ્વારા નવીન જિંદાલને મારી નાખવાની ધમકી મળી રહી છે. આ દરમિયાન નવીન જિંદાલે લોકોને તેમના અને તેમના પરિવાર અંગે કોઈની સાથે માહિતી શેર નહીં કરવાની પણ અપીલ કરી છે.

તેમણે ઈસ્લામિક કટ્ટરવાદીઓથી જીવનનો ખતરો હોવાની વાત કરી છે. પયંગમ્બર મહમંદ વિરુદ્ધ વિવાદિત નિવેદન આપ્યા બાદ નવીન જિંદાલને પાર્ટીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. તેમણે આ ટિપ્પણી ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માના નિવેદનના સમર્થન કરી હતી. દિલ્હી ભાજપના પૂર્વ પ્રવક્તા અને મીડિયા હેડ નવીન જિંદાલના ઘરથી થોડાક દૂર જ રવિવારે હેન્ડ ગ્રેનેડ મળ્યા છે, આ હેન્ડ ગ્રેનેડ એનએસજીએ ડિફ્યૂઝ કરી દીધા હતા.

નવીન જિંદાલે આરોપ લગાવ્યો કે તેમને અને તેમના પરિવારને છેલ્લા કેટલાક દિવસોથી સતત જીવથી મારી નાખવાની ધમકી મળી રહી છે. તાજેતરમાં જ નવીન જિંદાલ કોઈને મળવા ગયા હતા, ત્યારે કેટલાક લોકોએ તેમનો પીછો કર્યો હતો. પોલીસે આ મામલાને ગંભીરતાથી લીધો છે. સોશિયલ મીડિયા પર એવી ચર્ચા થઈ રહી છે કે અજ્ઞાત લોકોએ તેમના ઘરની રેકી કરી હતી. નવીન જિંદાલે કહ્યું કે, ભયના લીધે મારે પરિવાર સાથે શહેર છોડવું પડ્યું છે. આ પલાયન છે.

આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, મારા અને મારા પરિવારને રોજેરોજ ધમકી મળી રહી છે. ધમકી આપનારમાં મોટી સંખ્યામાં યુવાનો છે. જ્યારથી અલકાયદાએ ભારતમાં માનવબોંબ મોકલવાની ધમકી આપી છે, ત્યારથી અલકાયદાના સમર્થકો પણ મારા (અનુ. ચોથા પાને)

# ભાવનગરમાં વકિલોની ડિરેકટરીનો વિમોચન સમારોહ યોજાયો

## ગુજરાત બાર ડિઝીટલ ક્ષેત્રે અગ્રેસર છે : કિશોરભાઈ ત્રિવેદી ડિસ્ટ્રીક્ટ જજ પીરજાદાજીની ઉપસ્થિતિમાં સમારોહ યોજાયો : સૌરાષ્ટ્ર સમાચારના તારકભાઈ શાહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં




ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ટેલિફોન ડિરેક્ટરી અત્યાર સુધી એને એ પી એટલે કે નેઈમ એડ્રેસ અને ફોન નંબર તરીકે ઓળખાતી હતી હવે તેમાં ઈ ઉમેરાયો છે એટલે કે ઈમેલ એડ્રેસ દ્વારા જોજનો દૂર રહેલ વ્યક્તિ સાથે પણ સંપર્ક કરી શકીએ છીએ. મને આનંદ છે કે ડિજિટલાયજેસનમાં ગુજરાત બાર અગ્રેસર છે તેમ ગુજરાત બાર કાઉન્સિલ ના પ્રમુખ કિશોરભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું.

ભાવનગર વકીલ મંડળોના ઉપક્રમે સને ૨૦૨૨ની વકીલ ડિરેક્ટરીનો વિમોચન સમારંભ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ પીરઝાદાની અધ્યક્ષતામા યોજાઈ ગયો. ડિસ્ટ્રિક્ટ જજ પીરઝાદા એ ભાવનગરના વકીલોની એકતાને બિરદાવી ગેટ ટુ ગેધર જેવા કાર્યક્રમ અને ટેલિફોન ડિરેક્ટરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ભાવનગર શહેર અને જિલ્લાના વકીલોના નામ સરનામા અને ફોન નંબર સાથેની માહિતીપ્રદ એડવોકેટ ડિરેક્ટરી સૌરાષ્ટ્ર સમાચાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ ડિરેક્ટરી માટે એડવોકેટ જય દ્વારા પ્રૂફ રીડિંગ સહિતની બાબતોમાં જહેમત ઉઠાવવામાં આવી હતી જ્યારે સમગ્ર ડિરેક્ટરીનું ડિજિટલાઈજેસન એડવોકેટ શિવ પંડ્યા એ કરેલ જેના વિમોચન સમારોહ માં વિવિધ ક્ષેત્રોમાં આગવું યોગદાન આપનાર વકીલ વિશેષોનું અને નવ નિયુક્ત એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર્સનું અભિવાદન કરાયું હતું. ભાવનગરના મેયર કીર્તિબેન દાણીધારીયા, ગુજરાત બાર કાઉન્સિલના અધ્યક્ષ (અનુ. ચોથા પાને)

# ૨૧ જુન વિશ્વ યોગ દિવસની ઉજવણીનાં આયોજન માટે જિલ્લા કલેક્ટર દ્વારા બેઠક યોજાઇ

## વર્ચ્યુઅલ માધ્યમથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ માર્ગદર્શન પૂરું પાડ્યું

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીનાં આયોજન માટે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નીરગુડેની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાવનગર મહાનગરપાલિકા કક્ષા, ભાવનગર જીલ્લા કક્ષા તેમજ ભાવનગર તાલુકા કક્ષા યોગ દિવસની ઉજવણીના સુચારુ આયોજન અંગે સમીક્ષા કરવામાં આવી હતી. ભાવનગર મહાનગરપાલિકા શહેર કક્ષાની ઉજવણી મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ તેમજ જિલ્લાં કક્ષાની ઉજવણી સીદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરવા અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં શહેરનાં વિવિધ એન.જી.ઓ., સામાજીક સંસ્થાઓ, શાળાઓ, કોલેજો તેમજ અલગ અલગ ક્ષેત્રનાં આગેવાનો જોડાશે. બેઠકમાં વર્ચ્યુઅલ માધ્યમથી ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી જોડાયા હતા તેમજ વિશ્વ યોગ દિવસની તૈયારી અંગે વિવિધ જિલ્લાનાં કલેક્ટરશ્રીઓ અને મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ ઉપરાંત વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં છેવાડાનો માનવી જોડાય તેવા પ્રયત્નો કરવા પર ભાર મુક્યો હતો.




આ બેઠક માં જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નીરગુડે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.પ્રશાંત જીલોવા, પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરશ્રી અજય દહીંયા, એ.એસ.પી. સફીન હસન, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એન. જી. વ્યાસ, નિવાસી અધિક કલેક્ટરશ્રી બી. જે. પટેલ સહિતનાં અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ભાવનગરના નગરજનોને કોવિડ-૧૯ની માર્ગદર્શિકાનું પાલન કરવા અનુરોધ

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

હાલમાં દેશ તથા રાજ્ય ખાતે કોરોનાનાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહેલ છે. આથી જાહેર જનતા તથા તમામ સંબંધિતોને સરકારશ્રી દ્વારા પ્રકાશિત કોવીડ-૧૯ અંગેની માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવાનો અનુરોધ કરવામાં આવે છે. સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર દ્વારા જાહેર જનતાને જીસ્જી એટલે કે **Social Distancing, Mask - Sanitizer** નો ઉપયોગ કરવા અંગેની ખાસ અપીલ કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, ડાયાબીટીસ, કેન્સર, બ્લડ પ્રેશરની બિમારી ધરાવતા લોકો, સિનિયર સીટીઝન, નાના બાળકો, સગર્ભા બહેનોએ વિશેષ કાળજી રાખવાની રહેશે તથા જે લોકો દ્વારા કોવીડ વેકસીન લીધેલ ન હોય તે તમામને વેકસીનનાં ડોઝ લઈ લેવા અધિક્ષકશ્રી, સર ટી. હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

# રાજપથ કલબ દ્વારા આજે વિશ્વ રક્તદાન દિવસે મહા રક્તદાન કેમ્પ

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

રાજપથ ફાઉન્ડેશન અને અમરજ્યોતિ સરસ્વતિ ઈન્ટરનેશનલ સ્કુલ, સિલ્વર બેલ્સ સ્કુલ અને અમરજ્યોતિ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે કાલે વિશ્વ રક્તદાન દિવસના દિવસે રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૧૪ને મંગળવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન અમરજ્યોતિ સ્કુલ હોલ ખાતે કાળિયાબીડમાં આ રક્તદાન કેમ્પ યોજાશે. લોકોને મોટી સંખ્યામાં જોડાવા રાજપથ કલબ દ્વારા અનુરોધ કરાયો છે.

## અનુસંધાન ચાલુ

### શ્રીલંકા

ફર્ડિનાન્ડોએ પેનલને કહ્યું કે રાષ્ટ્રપતિ રાજપક્ષેએ 'મને કહ્યું કે તેઓ મોદીના દબાણમાં છે'. એક દિવસ પછી રાષ્ટ્રપતિ રાજપક્ષેએ ટ્વિટર પર તેનો ઈનકાર કર્યો. રાષ્ટ્રપતિ રાજપક્ષેએ ટ્વિટ કર્યું, હું મન્નારમાં પવન ઉર્જા પ્રોજેક્ટ અંગેની ઈંધડઊ સમિતિની સુનાવણીમાં ઈઊઇ અધ્યક્ષ દ્વારા આપેલા નિવેદનનું ખંડણ કરૂ છું. હું કોઈ ચોક્કસ વ્યક્તિ અથવા સંસ્થાને પ્રોજેક્ટ આપવા માટે અધિકૃતતાનો સ્પષ્ટપણે ઈનકાર કરું છું.'

આ સંદર્ભમાં તેમની ઓફિસે એક લાંબુ નિવેદન પણ બહાર પાડ્યું હતું, જેમાં પ્રોજેક્ટ પર કોઈને પ્રભાવિત કરવાનો સખત ઈનકાર કર્યો હતો. રાષ્ટ્રપતિએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેમણે મન્નારમાં કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થાને પવન ઉર્જા પ્રોજેક્ટ આપવા માટે અધિકૃતતા આપી નથી. શ્રીલંકા હાલમાં વીજળીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે અને રાષ્ટ્રપતિ ઈચ્છે છે કે મેગા પાવર પ્રોજેક્ટ્સના અમલીકરણને શક્ય તેટલી વહેલી તકે ઝડપી કરવામાં આવે. જો કે, આવા પ્રોજેક્ટ્સ પ્રદાન કરવામાં કોઈ અયોગ્ય પ્રભાવ નાખવામાં આવશે નહીં. સ્કેલ માટે પ્રોજેક્ટ દરખાસ્તો રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ મર્યાદિત છે.પરંતુ પ્રોજેક્ટ્સ માટે સંસ્થાઓની પસંદગી પર વિશેષ ધ્યાન આપવામાં આવશે, જે શ્રીલંકા સરકાર દ્વારા પારદર્શક અને જવાબદાર સિસ્ટમ અનુસાર કરવામાં આવશે. રાષ્ટ્રપતિ રાજપક્ષેના કાર્યાલયે એક નિવેદન બહાર પાડ્યું હતું કે ફર્ડિનાન્ડોએ શ્રીલંકાના દૈનિક ધ મોર્નિંગને માફી માંગી અને કહ્યું કે અણધાર્યા દબાણ અને લાગણીઓને કારણે તેમને ભારતના વડા પ્રધાનનું નામ આપવા માટે મજબૂર કરાયા હતા.

### કોંગ્રેસ

પહોંચી હતી. અહીંથી તેમણે પાર્ટીના અનેક નેતાઓ સાથે પદયાત્રા કાઢી હતી. કોંગ્રેસનો દેશવ્યાપી 'સત્યાગ્રહ' જોવા મળ્યો હતો. ટોચના નેતાઓ, સીએમ, પૂર્વ સીએમ, કાર્યકરોની અટકાયત કરવામાં આવી છે. વાસ્તવમાં રાહુલ ગાંધી કોંગ્રેસ હેડક્વાર્ટરથી થોડે દૂર ચાલીને ઊઉ ઓફિસ પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને અટકાવ્યા હતા. રાહુલ ગાંધીનો કાફલો લગભગ ૧૧ વાગ્યે ઊઉ ઓફિસ પહોંચ્યો હતો. અગાઉ, પાર્ટીની સૂચિત કૂચને ધ્યાનમાં રાખીને, પોલીસે કોંગ્રેસના ઘણા કાર્યકરોની અટકાયત કરી હતી અને પાર્ટી મુખ્યાલયની આસપાસ કલમ ૧૪૪ લાગુ કરી હતી., મુખ્ય વિપક્ષી પાર્ટીના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ઊઉને ભાજપનું 'ચૂંટણી વ્યવસ્થાપન વિભાગ' ગણાવ્યું અને આરોપ લગાવ્યો કે નરેન્દ્ર મોદી સરકારે કોંગ્રેસના 'સત્યાગ્રહ'ને રોકવા માટે નવી દિલ્હી વિસ્તારમાં અઘોષિત કટોકટી લાદી છે. રાહુલ ગાંધીના દેખાવને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસે દેશભરમાં ઊઉ ઓફિસની બહાર 'સત્યાગ્રહ' કરવાનું નક્કી કર્યું હતું અને દિલ્હીમાં પણ વિશાળ તાકાત પ્રદર્શનની તૈયારી કરી રહી હતી. નેશનલ હેરાલ્ડ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં ઊઉએ રાહુલ ગાંધીને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે. પ્રિયંકા ગાંધી તુઘલક રોડ પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના નેતાઓને મળ્યા બાદ અહીંથી રવાના થયા છે. વાસ્તવમાં વિરોધ કરવા બદલ કોંગ્રેસના અનેક નેતાઓની પોલીસે અટકાયત કરી છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલ અને અન્ય નેતાઓને મળવા માટે તુગલક રોડ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે. મળતી માહિતી મુજબ, પોલીસના ધક્કાને કારણે વેણુગોપાલની તબિયત લથડી હતી. પ્રિયંકા ગાંધી તુઘલક રોડ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને કેસી વેણુગોપાલ જી અને અન્ય નેતાઓ વિશે પૂછપરછ કરી. પૃથ્વીરાજ સર્કલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પોસ્ટર બાળવામાં આવ્યું હતું. પોસ્ટર સળગાવનારા કાર્યકરોને પોલીસે કસ્ટડીમાં લીધા છે. બીજેપી નેતા સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસ પર આરોપ લગાવતા કહ્યું કે કોંગ્રેસ પાર્ટી દેશની રાજધાનીમાં ભ્રષ્ટાચારના સમર્થનમાં બહાર આવી છે. જેલમાંથી જેઓ જામીન પર છે તેઓએ જાહેર કર્યું છે કે દિલ્હીને ઘેરો આવો કારણ કે અમારો ભ્રષ્ટાચાર પકડાયો છે. તપાસ એજન્સી પર દબાણ લાવવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને બોલાવવામાં આવ્યા છે. મની લોન્ડરિંગના આરોપોને પાયાવિહોણા ગણાવતા રોબર્ટ વાડ્રાએ કહ્યું કે કેન્દ્રીય તપાસ એજન્સીની કાર્યવાહી વિપક્ષને પરેશાન કરવાની છે. કારણ કે તે કેન્દ્ર પર સવાલ ઉઠાવે છે. રાહુલ ગાંધી ઊઉ ઓફિસની અંદર ગયા બાદ પ્રિયંકા વાડ્રા ત્યાંથી નીકળી ગયા છે. રાહુલ ગાંધી પોતાની બહેન સાથે ઊઉ ઓફિસ પહોંચ્યા હતા. આ સાથે જ વિરોધ કરી રહેલા કોંગ્રેસના અનેક નેતાઓની પોલીસે અટકાયત કરી છે. જેમાં રણદીપ સુરજેવાલા, હરીશ રાવત, પ્રમોદ તિવારી પણ છે. મધ્યપ્રદેશની વ્યાપારી રાજધાની ઈન્દોરમાં પણ કોંગ્રેસના કાર્યકરો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. અહીં કાર્યકરોએ પાંજરામાં બંધ પોપટ અને પીએમ મોદીની તસવીર સાથે વિરોધ કર્યો હતો. પાર્ટી કાર્યકર્તાઓ સાથે વિરોધ માર્ચ બાદ રાહુલ ગાંધી ઊઉ ઓફિસ પહોંચ્યા છે. તેમની સાથે બહેન પ્રિયંકા ગાંધી પણ હાજર છે. રાહુલ ગાંધી કોંગ્રેસ કાર્યાલય પહોંચી ગયા છે. પ્રિયંકા ગાંધી પણ તેમની સાથે છે. થોડા સમય બાદ રાહુલ ગાંધી પાર્ટીના અન્ય નેતાઓ સાથે અહીંથી પદયાત્રા કાઢવાના છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ કોંગ્રેસ હેડક્વાર્ટર પહોંચ્યા છે.તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર સરકારી સંસ્થાઓ દ્વારા કોંગ્રેસના નેતાઓને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે. અમે ડરતા નથી. કોંગ્રેસના કાર્યકરો કેન્દ્ર સરકાર દ્વારા પાયાના સ્તરે કરવામાં આવી રહેલી નફરત અને ડરની રાજનીતિને જનતા સુધી પહોંચાડશે. કોંગ્રેસ કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલ મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓને સામાન્ય જનતા સુધી લઈ જશે.

### જિંદાલ

**ઘરને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપી રહ્યા છે. જિન્દાલે લોકોને આગ્રહ કર્યો છે કે તેઓ તેમના અને તેમના પરિવાર અંગેની કોઇ પણ માહિતી ક્યાંય કોઈની સાથે શેર નહિ કરે. જિંદલે અગાઉ ટ્વિટ કર્યું હતું કે મારા તમામથી વિનમ્ર નિવેદન છે કે મારી અને મારા પરિવારના સભ્યોની કોઇ પણ માહિતી શેર ન કરવામાં આવે. મારા નિવેદન કરવા છતાં પણ કેટલાક લોકો મારા ઘરનું સરનામું સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. મારા પરિવારને ઈસ્લામિક કટ્ટરપંથીઓથી ખતરો છે.**

### સમારોહ યોજાયો

**મામલતદાર શૈલેષ દેસાઇ - ચોટીલા, શ્રમ અધિકારી દેવાભાઇ બલ્યા - ભાવનગર, વેરા અધિકારી ભરત જીડ - રાજકોટ, દૂધ - સંઘના ચેરમેન ભોળાભાઇ રબારી - બોટાદ, સુરસાગર ડેરીના વાઇસ ચેરમેન અલ્પેશભાઇ સાંબડ - ચોટીલા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ ડો. રણછોડભાઇ બી. નાંગર - થોરીયાળી, ગેલાભાઇ રબારી - ઈશ્વરીયા, ભોજાભાઇ નાંગર - થોરીયાળી, અજયભાઇ સાંબડ - ચોટીલા, સરપંચ ભગવાનભાઇ સાંબડ - દૂધઇ, શામળાભાઇ રબારી - સોનગઢ, વિહાભાઇ રોજીયા - કળમાદ, એડવોકેટ હરેશભાઇ ભાડકા - સુરેન્દ્રનગર, જેઠાભાઇ કે. આલ અને નારણભાઇ આલ - નોલી, રાજાભાઇ ભાડકા - સુરેન્દ્રનગર, હાજાભાઇ રબારી - થોરીયાળી,મેરૂભાઇ રબારી - દેવપરા, હિરાભાઇ ધિયડ - ખીટલા ઉપરાંત સ્થાનિક વિસ્તારના અનેક આગેવાનો-સહિત, સમાજના વિભિન્ન ક્ષેત્રના નામાંકિત વ્યકિત-વિશેષશ્રીઓ આ યજ્ઞરૂપી કાર્યક્રમમાં સહભાગી થયા હતા, જે પૈકી કેટલાકે સમાજના વિકાસ માટે પોતાના વિચારો અને અનુભવો પણ વ્યકત કર્યા હતા. ટીકર નેસની બાળાઓ મારફતે સ્વાગત-ગીત તેમજ દૂધઇ નેસના ભાઈઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પોતાના સ્થાનિક પહેરવેશમાં રજુ કરેલ હતો. ખાસ તો સમાજના સારા અને સુધારવા જેવા પાસાઓને ધ્યાને લઇને તેમજ આવનાર સમયને લક્ષે લેતાં, પૂજય મેઘમંડલેશ્વર મહંત રામબાલદાસબાપુએ સૌ સહભાગીઓને રાષ્ટ્ર-નિર્માણમાં એક નાગરિક તરીકે યથાયોગ્ય યોગદાન આપવા અંગે પ્રેરક પ્રવચન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. વિશેષમાં રોજગાર વિભાગ - સુરેન્દ્રનગરના સહયોગથી ધોરણ ૧૦, ૧૨ તેમજ સ્નાતક થયા પછીની કારકિર્દી અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.**

**આ તબક્કે ઉપસ્થિત બહોળી જનમેદની આવકારતા નાયબ મામલતદારશ્રી બીજલભાઇ ત્રમટા - દૂધઇએ સ્વાગત - પ્રવચન તેમજ સૌ પ્રત્યે આભારની લાગણી તલાટી-કમ-મંત્રી વાઘાભાઇ ગોયલ - રેશમિયા મારફતે વ્યકત કરી હતી. કાર્યક્રમનું સફળ-સંચાલન ડો. ડી. બી. દેસાઇ - એડ્વોકેટ - ગુજરાત હાઇકોર્ટ - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સમાજના આ શૈક્ષણિક કાર્યને હેતુલક્ષી બનાવવા માટે સર્કલ ઓફિસર કરમશીભાઇ ધિયડ - પલાસા, જીવાભાઇ ખાંભલા - ખાટડી, શેખાભાઇ સાંબડ - દુધઇ, સામતભાઇ ત્રમટા - સોનગઢ, લાલાભાઈ ખટાણા - ચોટીલા, કરમશીભાઇ લોહ - ખાખરાથળ, લાલાભાઇ ખટાણા - થાનગઢ, માત્રાભાઇ રાઠોડ - મેવાસા, મુનાભાઇ ખટાણા - ગઢેચી, અર્જુનભાઇ રાયકા - નવાગામ વિપુલભાઇ ધાંધળ - મોલડી, મેરૂભાઇ રબારી તેમજ ત્રણેય તાલુકાની ''યુવા ટીમ'' ના સૌ સભ્યો અને શુભેચ્છકોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.**

### રાહુલ ગાંધી

પણ ફ્રેક્ચર થયું છે. શું આ પ્રજાતંત્ર છે? આ પહેલા રાહુલ સવારે ઊઉ ઓફિસ પહોંચ્યા. ઊઉના અધિકારીઓએ તેમને ૫૦થી વધુ સવાલ કર્યા. તે પહેલા કોંગ્રેસે આ કાર્યવાહીનો જોરદાર વિરોધ કર્યો. સવારથી જ પાર્ટીના કાર્યકર્તાઓએ દિલ્હીમાં અનેક જગ્યાએ રાહુલના પોસ્ટર લગાવ્યા હતા. જેના પર લખ્યું હતું કે- આ રાહુલ ગાંધી છે, ઝુકશે નહીં. દેશના અન્ય વિસ્તારમાં પાર્ટી કાર્યકર્તાઓએ ધરણાં કરીને પ્રદર્શનો કર્યા. પોલીસે રાહુલ ગાંધીની સાથે ED ઓફિસે જઈ રહેલા નેતાઓની અટકાયત કરી છે. તેમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ, ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવત અને કોંગ્રેસ સાંસદ રણદીપ સુરજેવાલા સહિત ઘણા નેતા સામેલ છે. પ્રિયંકા ગાધીએ તુગલક રોડ પોલીસ સ્ટેશને પહોંચીને આ નેતાઓની મુલાકાત કરી હતી. કોંગ્રેસની ઓફિસથી રાહુલની સાથે ચાલતા નીકળેલા કોંગ્રેસ નેતાઓને એક કિમી પહેલા જ રોકવામાં આવ્યા હતા. જોકે તેઓ ત્યાં જ ધરણા પર બેસી ગયા હતા. પ્રિયંકા ગાંધીની સાથે તુગલક રોડ પોલીસ સ્ટેશને પહોંચેલા સાંસદ અધીર રંજન ચૌધરીએ પોલીસ કર્મચારીઓ પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. પ્રિયંકા ગાંધીની સાથે તુગલક રોડ પોલીસ સ્ટેશને પહોંચેલા સાંસદ અધીર રંજન ચૌધરીએ પોલીસ કર્મચારીઓ પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. રાહુલ હાજર થાય તે પહેલા પ્રિયંકા ગાંધી વાડ્રા તેમને મળવા તેમના ઘરે પહોંચ્યા હતા અને પાર્ટી નેતાઓની સાથે બેઠક કરી હતી. બેઠક પછી રાજસ્થાનના ઈંખ અશોક ગેહલોત, છત્તીસગઢના ઈંખ ભૂપેશ બઘેલ સહિત પાર્ટીના સાંસદ અને અન્ય નેતાઓની સાથે તેઓ ચાલતા જ નીકળ્યા હતા. પોલીસે બેરિકેડ લગાવીને કોંગ્રેસની માર્ચને રોકી લીધી હતી. નેતાઓને આગળ જવા દેવાયા નહોતા.EDની ઓફિસની પાસે થ્રી-લેયર સુરક્ષા છે. પ્રથમ લેયરની પાસે જ પોલીસે કોંગ્રેસની માર્ચને રોકી લીધી હતી. અહીં કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી. આ પહેલા સોમવારે સવારે રાહુલ ગાંધીની તપાસના વિરોધમાં દેખાવો કરી રહેલા કોંગ્રેસ કાર્યકર્તાઓની દિલ્હી પોલીસે કોંગ્રેસ મુખ્યાલયથી ધરપકડ કરી હતી. પોલીસ કોંગ્રેસીઓને બસમાં બેસાડીને લઈ ગઈ હતી. કોંગ્રેસના દેખાવને જોતા દિલ્હી પોલીસે કોંગ્રેસ મુખ્યાલયથી ઊઉ ઓફિસ સુધીનો રસ્તો સીલ કરી દીધો હતો.

# ગાંધીનગરમાં જીતુ વાઘાણીએ લોકપ્રશ્નો સાંભળ્યા




કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગાંધીનગર ખાતે લોક રજૂઆતો સાંભળી અને તેનો ઝડપી નિકાલ સાથે તેમજ નીતિ-નિયમોમાં પડતી અડચણો પર સત્વરે યોગ્ય નિવારણ માટે સંબધિત વિભાગને જાણ કરી હતી.

# ભાવનગર પશ્ચિમના અલ્પકાલિન વિસ્તારક તરીકે ભરતસિંહ ગોહિલે બુથ પ્રમુખોના ઘરોની મુલાકાત લીધી



ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળા શકતી કેન્દ્ર બોરતળાવ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટી ના ગીર સોમનાથ જિલ્લાના પૂર્વ પ્રભારી અને ક્ષત્રિય સમાજ ના આગેવાન ભરતસિંહજી ગોહિલ અલ્પકાલીન વિસ્તારક તરીકે પટેલ નગર સોમનાથ નગર બુથ પ્રમુખો ના ઘર ની મુલાકાત કરી આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાર્યકરતા ને માર્ગદર્શન આપેલ શિક્ષણ સમિતિ ના ચેરમેન શ્રી શિશીરભાઈ ત્રીવેદી ઉપસ્થિત રહ્યા હતા વોર્ડ ના આગેવાનો મહેન્દ્ર સિંહ ગોહિલ ધર્મેન્દ્રસિંહ સરવૈયા જગદીશ સિંહ ગોહિલ અશોકસિંહ જાડેજા મહાવીર સિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા.

# જે કોઈ ભાજપ વિરુદ્ધ બોલે તેની સામે ઈડીની કાર્યવાહી કેમ શિવસેનાના નેતા સંજય રાઉત

મુંબઈ,તા.૧૩

**શિવસેનાના નેતા સંજય રાઉત રાહુલ ગાંધી સામેની ઈડીની કાર્યવાહી થી લાલઘૂમ થઈ ગયા છે તેઓએ કહ્યું કે આ કાર્યવાહી ગેરકાયદેસર છે,તેઓ એ કહ્યું કે 'ભાજપ' વિરુદ્ધ જે કોઈ બોલવા જાય તો તેની ઉપર ઈડીની કાર્યવાહી કેમ શરૂ થઈ જાય છે ? જ્યારે ઈડીએ શિવસેનાના નેતા સંજય રાઉતની સંપત્તિ જપ્ત કરી ત્યારે તેણે કહ્યું હતું કે, મને ગોળી મારી દો અથવા જેલમાં નાખો, અમે ડરવાના નથી.**

**એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા નેશનલ હેરાલ્ડ કેસમાં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને પૂછપરછ માટે બોલાવવામાં આવતા, પાર્ટીના કાર્યકરોએ દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.**

**કોંગ્રેસના નેતાઓએ ઈડીને એવી 'મશીનગન' ગણાવી હતી કે તેનો દારૂગોળો ક્યારેય ખતમ થતો નથી. તે વિપક્ષના નેતાઓ પર પ્રહારો કરતા રહે છે. કોંગ્રેસ પાર્ટીની વાત કરીએ તો ઈડીની નોટિસના કારણે આ નેતાઓને 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ'ના મામલામાં 'નિષ્ણાતો' બનાવી દીધા છે. કાર્તિ ચિદમ્બરમે કહ્યું કે, મને સૌથી વધુ વખત ઈડીની નોટિસ મળી છે. હું ઈડી બાબતોમાં કોંગ્રેસનો નિષ્ણાત છું. દિગ્વિજય સિંહે કહ્યું, જ્યારે મોદી ડરતા હોય છે ત્યારે તેઓ ઈડીને ફોરવર્ડ કરે છે.**

**કોંગ્રેસ પાર્ટી હેડક્વાર્ટરની બહાર ભેગા થયેલા કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ભાજપ દ્વારા 'ઈડી' નો ઉપયોગ મશીનગન તરીકે કરે છે જે વિપક્ષ સામે આગ ફેલાવે છે. આ મશીનગનનો દારૂગોળો ક્યારેય ખતમ થતો નથી. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રંજીત રંજને કહ્યું, મોદી સરકાર ડરી ગઈ છે, તેથી તે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પરેશાન કરી રહી છે. ઈડીએ જલ નિગમ ભરતી કૌભાંડમાં સપા નેતા આઝમ ખાન વિરુદ્ધ વધુ એક કેસ નોંધ્યો છે.ઈડીએ કથિત રેતી ખનન કેસમાં પંજાબના પૂર્વ સીએમ ચરણજીત સિંહ ચન્નીની પણ લાંબા સમયથી પૂછપરછ કરી છે.**

### સમારોહ યોજાયો

કિશોરભાઈ ત્રિવેદી, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અંજારિયા ભાવનગર પોલીસ આઈ.જી. અશોક કુમાર યાદવ, જિલ્લા કલેક્ટર યોગેશ નીરગુડે, બાર કાઉન્સિલના સભ્ય અનિરૂધ્ધસિંહ ઝાલા, શહેર ભાજપ પ્રમુખ રાજીવ પંડ્યા સૌરાષ્ટ્રસમાચારના યુનિટ હેડ કલ્પેશ સાવલિયા, એક્ઝીક્યુટીવ એડિટર તારકભાઈ શાહ માર્કેટિંગ વિભાગના મુકેશભાઈ ધોળકિયા સહિતના મહાનુભાવોએ આ પ્રસંગે હાજરી આપી હતી. સ્વાગત પ્રવચન વકીલ મંડળના પ્રમુખ સંજયભાઈ ત્રિવેદીએ અને આભાર દર્શન ક્રિમિનલ બારના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ડાભીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા એમએસીપીના પ્રમુખ મહેશ ત્રિવેદી સહિતના એ જેહમત ઉઠાવી હતીકાર્યક્રમનું સંચાલન વકીલ નાઝિર સાવંતે કર્યું હતું. સમારંભ સાથે એડવોકેટ ગાયક રાજમ સોલંકી, સલીમ દેખૈયા, પિંકી ભટ્ટ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ પરમાર તથા સિનિયર સિવિલ જજ રામાવત જી સહિતના કલાકારોનો સંગીત કાર્યક્રમ પણ યોજાયો હતો. એડવોકેટ સ્પેશિયલ મ્યુઝિકલ નાઈટના પ્રથમવાર યોજાયેલા કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા મળી હતી.

# રાહુલ ગાંધીની ઈડી તપાસના મામલે ગુજરાત કોંગ્રેસનું દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું

## કાર્યકરો અને નેતાઓની અટકાયત કરાઈ

અમદાવાદ,તા.૧૩

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી અને કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીને એન્ફોર્સમેન્ટ ડાયરેકટરેટ દ્વારા પાઠવવામાં આવેલા સમન્સ અને રાહુલ ગાંધીની આજે પૂછપરછ કરવામાં આવી હતી ત્યારે બીજી બાજુ કોંગ્રેસ દ્વારા દેશભરમાં વિરોધ કરવામાં આવ્યો હતો હેઠળ અમદાવાદ શહેરમાં ગુજરાત કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ દ્વારા મોટી સંખ્યામાં વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ગુજરાત કોંગ્રેસના નેતા અને કાર્યકર્તાઓ પહેલા જીએમડીસી પહોંચ્યા હતા. જે બાદ તેઓ ઈડીની ઓફિસ સુધી આગેકૂચ કરવાના હતા પરંતુ તેમને ત્યાં જવાની મંજૂરી મળી ન હતી. જેથી નેતાઓ અને કાર્યકર્તાઓ ત્યાં જ બેસીને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ જગદીશ ઠાકોર, સુખરામ રાઠવા, અમિત ચાવડા, પરેશ ધાનાણી સહિતના નેતાઓ હાજર હતાં કોંગ્રેસના કાર્યકરોએ ભાજપ સામે સુત્રોચ્ચાર કર્યા હતાં જોકે, પરિસ્થિતિ કાબૂ બહાર જતા સ્થાનિક પોલીસે મનીષ દોષી, અમિત ચાવડા સહિતના કોંગ્રેસના નેતા અને કાર્યકર્તાઓની અટકાયત લીધા હતાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ અધિકારીઓને ગર્ભિત ચિંમકી આપતા જણાવ્યું હતુ કે, ભાજપના રાજકીય એજન્ડા પૂર્વ કરવા અધિકારીઓ હાથાના બંને અધિકારીઓ કોંગ્રેસના નેતા-કાર્યકરોને ખોટીરીતે કનડવાનું બંધ કરે. અધિકારીઓ સમજી જાય કે કોઈપણ સરકાર કાયમી નથી. ભવિષ્યમાં કોંગ્રેસની સરકાર આવશે ત્યારે આ અધિકારીઓને ધ્યાને રાખીશું.

મનીષ દોશીએ જણાવ્યું હતું કે, જે રીતે કેન્દ્રની સરકાર જનતાનો અવાજ બનેલા રાહુલ ગાંધીને એનકેન પ્રકારે હેરાન કરવાના કાવતરા કર્યા એની સામે ઈડીના સમન્સ આપવાની ઘટનામાં સમગ્ર દેશમાં, દેશના તમામ પ્રદેશોમાં કાર્યકર્તાઓ મેદાનમાં ઉતર્યા છે. રાહુલનો આ સત્યાગ્રહ દેશની જનતા માટેનો છે. કોંગ્રેસ માટે વાત કરવામાં આવી રહી છે કે નેશનલ હેરાલ્ડ કેસ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં એક પણ રૂપિયાની લેતીદેતી નથી. મની લોન્ડ્રિંગના નામે હેરાન કરવામાં આવી રહ્યા છે. એનો મતલબ સ્પષ્ટ છે કે આ દેશની અંદર લોકશાહીનો ખોટો ઉપયોગ કરીને રાહુલજીના અવાજને રોકવાની કોશિશ થઈ રહી છે, પરંતુ આ નિષ્ફળ કોશિશ છે.

કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં રાહુલને સમન્સ પાઠવ્યું તેની સામે કાર્યકર્તાઓ આક્રોશમાં આવીને વિરોધ નોંધાવી રહ્યા છે. અમારા કોઈ કાર્યકર્તા કે નેતા પર કિન્નાખોરી રાખીને ભાજપ ડરાવવાની કે ધમકાવાની અને જેલમાં મોકલવાની વાતો કરશે તો એનો મક્કમ પણે મુકાબલો કરીશું.

## સાહિત્ય કોલમ



### સંબંધોની સોનોગ્રાફી...

સગપણ બધાય સોનાના છે
એને સાવકા ક્યારેય નવ ગણશો
સંબંધોની કિંમતને તમારા જીવતરમાં વણજો
જોજો ક્યારેક એકલા અટુલા બે દિવસ ગુજારી
અને એક દિવસ સૌ સાથે હળીમળીને જોજો
જરૂર નહિ પડે સંબંધોની સોનોગ્રાફીની
રિપોર્ટ તમે ખુદ આપશો મને માફીથી
જીવન ઝેર લાગે જ્યારે ચાખવાવાળા એકલા હોય
ઝેર જેવું જીવન પણ મધુર જણાય ,
જ્યારે સાથે કોઈ સહભાગી હોય
સંબંધો ભલે માયા છે મોહ ને બંધન છે
જીવતરને ઉચ્ચે લઈ જનાર બળ નથી
પણ હા એના વગર ઘણાયને કોઈ સળ નથી
કોઈએ પથ બદલ્યા તો કોઈની મતિ થઈ ભ્રષ્ટ
સંબંધો એની કિંમત શું ! એ તો અણમોલ છે
નહિ માપી શકાય નહિ આંકી શકાય સંબંધો સોનોગ્રાફીથી...!

- જતીન આર વાઘેલા ’ મૌન ’ મહુવા



### ચાલોને ફરીથી...

ચાલોને ફરીથી એકબીજાને
અજાણ્યા થઈ મળીએ,
પહેલી વખતની જેમ મળીને
એકબીજાને જોઈ લઈએ.
પૂરી કરી એકબીજા સાથેની ફરિયાદ બધી,
યાદોને સમેટીને ચાલોને ફરી ક્યાય દૂર જઈએ.
ચાલોને ફરીથી....
બધી વાતોને વાગોળીને એકબીજાનો હાથ પકડીએ,
કલાકો સુધી વાતો કરવાનો એ રીવાજ શરૂ કરીએ.
હું તમારી રાહ જોવું છું એવો તમને અહેસાસ થાઈ,
અને સાચે જ તમે સામે આવો એવો આત્મસાત કરીએ.
ચાલોને ફરીથી....
મારા કારણે તમારા ચહેરા ઉપર મુસ્કાન આવે,
એવો હું પ્રયત્ન કરી આવી જાવ ફરી તમારી પાસે.
પ્રારબ્ધને પણ માત આપે છે એવો પ્રેમ,
ચાલોને ફરીથી એ પ્રેમને જીવીએ એકબીજા સાથે.
ચાલોને ફરીથી....
સાથની સાથે હાથ પણ પકડ્યો છે એકબીજાનો,
ચાલોને ફરીથી આપણા એ સાથને વાચા આપીએ.
મારા શબ્દો હૃદય સુધી પહોચશે કે નઈ એ તમને ખબર,
હા, પરંતુ ચાલોને ફરીથી મારી કવિતા સાથે વાંચીએ.

લી. ધારીણી રાજ્યગુરુ "ધારીજ"

# એરપોર્ટ રોડ રુવા ખાતે અમૃત સરોવરના નિર્માણનો પ્રારંભ કરાવતા કલેકટર નિરગુડે

## પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. દ્વારા નિર્મિત જળસંચય માટે અમૃત સરોવર બનાવવા માટે સંપૂર્ણ આર્થિક યોગદાન

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ભારત દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ભાવનગર જિલ્લામાં ૭૫ અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવનાર છે.

આ અમૃત સરોવરો પૈકી ભાવનગરના રુવા ગામ ખાતે ભાવનગર પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નિર્મિત થનાર અમૃત સરોવરનું ખાતમુહૂર્ત આજે સવારે કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ભાવનગર જિલ્લામાં જિલ્લા વહીવટીતંત્ર અને કલેકટરશ્રીના સક્રિય પ્રયાસોને લઈને ૭૫ સરોવરનું નિર્માણ વિવિધ સંસ્થાઓ તેમજ વ્યક્તિઓના આર્થિક તેમજ શ્રમદાનના સહકાર સાથે થઈ રહ્યું છે. ભાવનગર જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણથી પાણીની સંગ્રહ ક્ષમતામાં અનેક ગણો વધારો થનાર છે ત્યારે ભાવનગર પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંપૂર્ણ આર્થિક સહયોગ સાથે રુવા ગામે તળાવ નવીનીકરણના કામનું ખાતમુહુર્ત કલેકટરશ્રી યોગેશ નિરગુડે દ્વારા આજે સવારે રુવા ગામ ખાતે





કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, અમૃત સરોવર નિર્માણની કામગીરીનો પ્રારંભ કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ થોડા દિવસો પહેલા પાલીતાણાના હણોલ ગામ ખાતેથી કરાવ્યો હતો.જિલ્લામાં વરસાદી પાણીના સંગ્રહ માટે જુના તળાવને ઊંડા ઉતારવાનું અને નવીનીકરણનું કાર્ય જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. પ્રશાંત જિલોવાની નિગરાનીમાં કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દેશના દરેક જિલ્લામાં આઝાદીના અમૃત મહોત્સવ અવસરે ૭૫ સરોવરના નિર્માણમાં આગેવાની લઈને ભાવનગર જિલ્લામાં ૭૫ ને બદલે ૧૦૦ સરોવરો બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે ભાવનગર પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના અધિકારીઓ, સિંચાઈના પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી ડી.આર. પટેલ, સિંચાઈ વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# યુનિ.ની બેઠકમાં સ્ટેચ્યુટની જોગવાઈનો ભંગ : અક્ષય ચુડાસમા

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ગઈકાલે ભાવનગર યુનિવર્સિટીની સેનેટ સભામાં વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નો ને પ્રસ્તાવ રૂપે રજુ કરવા માં આવીયા હતા પરંતુ તે પ્રસ્તાવનો કોઈ પણ નિર્ણય નહીં કરી અને કમિટી બનાવવાનો કરાયેલો નિર્ણય વિદ્યાર્થીઓના અધિકારો પર તરાપ છે ત્યારે વિદ્યાર્થીઓના મતોથી ચૂંટાયેલા સભ્યો દ્વારા અપાયેલી સંમતિ એ પણ વિદ્યાર્થીઓ સાથે નો વિશ્વાસઘાત છે તેમ જણાવી સ્ટુડન્ટ પાવર ગ્રૃપના પ્રમુખ / ધારાશાસ્ત્રી અક્ષય ચુડાસમાએ જણાવ્યું છે કે યુનિવર્સિટીના સ્ટેચ્યુંટ ની જોગવાઈ મુજબ જ્યારે સભા ની અંદર કોઈ પ્રસ્તાવ રજૂ થાય ત્યારે તેના માત્ર ત્રણ જ વિકલ્પ હોય છે (૧) રદ કરવો (૨) મંજૂર કરવો (૩) પરત ખેંચવો. ત્યારે ગઈકાલે મળેલી સભામાં સ્ટેચ્યુંટ ની જોગવાઈનો સંપૂર્ણ પણે ભંગ કરવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓની વેદનાને રુંધવામાં આવી છે આગામી દિવસોમાં સ્ટુડન્ટ પાવર ગ્રુપ દ્વારા વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવેલા વિશ્વાસઘાત ને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે.

# આજે સાંજે ભાવનગરમાં ભાજપની તિરંગા યાત્રા

ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ભાવનગર શહેર ભાજપના પ્રમુખ રાજીવ પંડ્યાના નેતૃત્વમાં આજે મંગળવારે સાંજે પાંચ વાગે ભાવનગર શહેર ભાજપના યુવા મોરચાના ઉપક્રમે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાઈક યાત્રામાં મહાનગરના તમામ હોદ્દેદારો, સંગઠનના પદાધિકારીઓ, મહિલા મોર્ચાના આગેવાનો, વિવિધ સેલ મોર્ચાના પદાધિકારીઓ, વોર્ડના પદાધિકારીઓ, શિક્ષણ સમિતિના સભ્યો, નગરસેવકો, તમામ જોડાશે. આ કાર્યક્રમને જબરદસ્ત રીતે સફળ બનાવવા મહામંત્રી યોગેશ બદાણી, અરૂણ પટેલ, અને દેવેન્દ્રસિંહ ચુડાસમાની યાદીમાં જણાવાયું છે.

આ યાત્રા નિલમબાગથી પ્રસ્થાન થઈ ભાવનગર એસ.ટી.સ્ટેન્ડ, પાનવાડી ચોક, જશોનાથ સર્કલ, મોતીબાગ ટાઉન હોલ, ઘોઘાગેઈટ ચોક, હાઈકોર્ટ રોડ, હલુરીયા ચોક, શહિદ સ્મારક ખાતે સમાપન થશે, કાર્યકર્તાઓને સાંજે ૫ વાગે નિલમબાગ પહોંચી જવા અનુરોધ કરાયો છે.

# સમસ્ત રબારી સમાજના યાત્રાધામ દુધઈ ધામે શૈક્ષણિક સન્માન સમારોહ યોજાયો

## પૂ.રામબાલક દાસ બાપુની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં સંતો-મહંતો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા










ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

સુરેન્દ્રનગર : તાજેતરમાં જિલ્લાના ચોટીલા, થાનગઢ તેમજ મૂળી એમ ત્રણ તાલુકાના સમસ્ત રબારી સમાજ દ્વારા આયોજીત તેજસ્વી વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, વિશિષ્ઠ સિધ્ધિ મેળવનાર તેમજ સરકારશ્રીના વિભિન્ન વિભાગોમાં નોકરીએ સામેલ થનાર કર્મચારીઓને સન્માનિત કરવાનો સન્માન સમારોહ, ગુજરાત રાજયના સમસ્ત રબારી સમાજની આસ્થાનુ કેન્દ્ર અને પાવન યાત્રાધામ એવા દૂધઈધામ મુકામે, પૂજય મેઘમંડલેશ્વર મહંત રામબાલદાસબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં સાર્થક રીતે યોજાઇ ગયો, જેમાં મેસરીયાધામના મહંત બંસીબાપુ, કોઠારી સુંદરદાસજી મહારાજ અને મગનીરામ મહારાજ, ડેપ્યુટી કલેકટર વિરેન દેસાઈ - રાજકોટ અને પ્રિયાંક ગલચર - ચોટીલા, જાણીતા તબીબ ડો. તેજસ કરમટા - રાજકોટ, (અનુ. ચોથા પાને)





# સોહિલભાઈ પઠાણના વ્હાલા પુત્ર આમિરનો આજે જન્મદિવસ



ભાવનગર શહેરના સેવાભાવી આગેવાન અને ભાવનગરમાં સોહિલ વલ્કેનાઈઝ તરીકે ભારે લોકપ્રિય એવા અગ્રણી વેપારી સોહિલભાઈ પઠાણના વ્હાલા પુત્રનો આજે જન્મદિવસ છે. વ્હાલી વ્હાલી મમ્મી સોનીબેન, દાદાજી અબ્દુલ મજીદભાઈ, દાદીમાં ફિરોઝાબાનુ, સહિતના પરિવારજનોના અપાર હેતપ્રેમ અને અસ્ખલિત લાગણીઓ વચ્ચે આમિર આજે તેનો જન્મદિવસ ધામે ધૂમે ઉજવશે, આમિરને જન્મદિવસની શુભેચ્છા આપવા ડાયલ કરો.. ૮૮૬૬૨૨૫૯૧૬

# અલ્પકાલિન વિસ્તાર અભિયાન : એરપોર્ટ રોડની વિવિધ સોસાયટીઓમાં ભાજપના મહિલા અગ્રણીઓ ઘરે ઘરે પહોંચ્યા

## બુથનં.૫ અને ૭ માં ભાજપનો જય જય કાર થયો : ભાનુબેન ડાભી, રાજેશ જોશી, રાકેશ અજવાળીયા, પરેશ પટેલ, સંકેત રાજયગુરૂ, ચંપાબેન પટેલ સહિતના મહિલા અગ્રણીઓ સાથે જોડાયા









ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ભાજપની અલ્પકાલિન વિસ્તાર અભિયાન કાર્યક્રમ અંતર્ગત આજે ભાવનગર શહેરના સુભાષનગર એરપોર્ટ રોડની વિવિધ સોસાયટીઓમાં ભાજપના મહિલા અગ્રણીઓ ઘરે ઘરે પહોંચ્યા હતા અને કેન્દ્ર અને રાજ્ય સરકારને વિવિધ યોજનાઓની જાણકારી લોકોને આપી હતી. આ કાર્યક્રમમાં બુથ નં.૫ ના પ્રમુખ રાજેશ જોશી, બુથ નં.૭ પ્રમુખ રાકેશ અજવાળીયા, બુથ ઈન્ચાર્જ રેખા જોશી, બુથ ઈન્ચાર્જ ભાવિનાબેન અજવાળીયાની સાથે પૂર્વ મહિલા કોર્પોરેટર અને સ્થાનિક વિસ્તારના વિસ્તારક અભિયાનના ભાનુબેન ડાભી, ચંપાબેન પટેલ, રાધિકાબેન મજેઠિયા, રસિલાબેન મજેઠિયા, શકુંતલાબેન રાજયગુરૂ, કંચનબેન પટેલ, પરેશભાઈ પટેલ સહિતના સાથે રહ્યા હતા.

(તસ્વીર : ધવલ વાજા - ગુજરાત છાયા)


# જય.. જય.. જગન્નાથ..: ભાજપની વિચારધારા ધરાવતા યુવાનો આગેવાનો અને ભાજપના કાર્યકરો હરૂબાપુને મળ્યા




ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

બે દિવસ પહેલા ગુજરાતના કેબિનેટ શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણી ભાવનગરના પ્રવાસે હતા અને આ પ્રવાસ દરમ્યાન તેઓ જગન્નાથજી રથયાત્રા કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે ગયા હતા અને હરૂબાપુને મળ્યા હતા. ચર્ચા વિમર્શ કર્યો હતો. જીતુભાઇ બાદ ગઇકાલે રાત્રે ભાજપની વિચારધારા ધરાવતા અગ્રણીઓ અને ભાજપના આગેવાનો પણ હરૂબાપુને મળ્યા હતા અને સાથે બેસી આગામી રથયાત્રામાં વિવિધ નવિનતા બાબતે વિચાર વિમર્શ કર્યો હતો. આ બેઠકમાં હરૂભાઇની સાથે હોટલ નારાયણીના મેનેજર અને પ્રેમયોગ પુસ્તક લખનારા લેખક રણધીરસિંહ ઝાલા, ભાવનગર શહેર ભાજપના પૂર્વ મહામંત્રી વનરાજસિંહ ગોહિલ, રામવાડીના પ્રમુખ અને એએસઆઇ કિરીટ પંડ્યા, કાળીયાબીડના કિરીટસિંહ ચુડાસમા, મહેન્દ્રસિંહ ગોહિલ, દિલિપભાઇ પંડ્યા, વિમલભાઇ મહેતા, કોંગ્રેસના દિપક ત્રિવેદી (દિપક ભોલુ), ચિંટુભા જાડેજા, લક્ષ્મી કેટરીંગના વિશાલ ત્રિવેદી  સહિતના સાથે રહ્યા હતા.

# વસંત પૂર્ણતાએ પહોંચી, આ જુઓ વિકટોરીયા પાર્ક...



ધીરે ધીરે વસંત પૂર્ણતાએ પહોચતી જાય છે.વિકટોરીયા પાર્કના આ વૃક્ષો પૂરી રીતે લીલાશ પકડતા જાય છે.ભાવનગરના ફેફસા ગણાતા આ પાર્કને જોઈ ને દીલ પાગલ પાગલ થઈ જાય છે.આટલી ગરમી માં સવારે ને સાંજે પાર્કના વૉકરોને શિતળતા બક્ષે છે.પણ પાર્કની ફરતા જોઈએ તો એકલા સિમેન્ટ કોક્રીટના જંગલો ઊગી નિકળ્યા છે.વૃક્ષો નિસાસો નાંખતા હશે કે માણસ નામના પ્રાણીથી કોઈ અમોને બચાવે. - અમૂલ પરમાર ..

# હીરાભાઈ સોલંકીએ પોલીસ સ્ટેશનમાં જ પોલીસ કર્મીને કહ્યું, તારા પટા-બકલ ઉતરાવી નાખીશ

## જુગારમાં ઝડપાયેલા આરોપીઓ પાસે પોલીસે પૈસા માગ્યાનો આક્ષેપ



ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

અમરેલીના રાજુલાના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત કોળી સેનાના પ્રમુખ હીરા સોલંકીએ ડુંગર પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મી સાથે કરેલી દબંગાઈનો વીડિયો વાઈરલ થયો છે. હીરા સોલંકીએ ડુંગર પોલીસ સ્ટેશનના પોલીસકર્મી પર જુગારના આરોપીઓ પાસે પૈસા માગ્યાનો આક્ષેપ કર્યો હતો. પોલીસકર્મીને જાહેરમાં જ પટ્ટા ઉતારી નાખવાની ધમકી પણ આપી હતી. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. રાજુલા તાલુકાના સાજણાવાવ ગામના કેટલાક યુવાનો જુગાર રમતા ઝડપાયા હતા. જેઓ દ્વારા પોલીસકર્મી પર પૈસા માગ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ અંગે રાજુલાના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત કોળી સેનાના પ્રમુખ હીરા સોલંકીને જાણ કરતા હીરા સોલંકી રાજુલાના ડુંગર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થઈ રહ્યો છે તેમાં રાજુલાના પૂર્વ ધારાસભ્ય હીરા સોલંકી એક પોલીસકર્મીને પટ્ટા ઉતરાવી નાખવાની ધમકી આપતા નજરે પડી રહ્યા છે. આ ઉપરાંત પોલીસકર્મીની હાજરીમાં જ અન્ય લોકોને સૂચના પણ આપે છે કે, 'કોઈ પોલીસને પૈસા આપતા નહીં'. હીરા સોલંકીએ પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા.

રાજુલાના ડુંગર પોલીસ સ્ટેશનનો જે વીડિયો વાઈરલ થઈ રહ્યો છે તેમાં હીરા સોલંકી એક જાહેર જીવનના માણસને ન શોભે તેવું વર્તન કરતા નજરે પડે છે. તેઓનું કહેવું છે કે, હું જેસર તરફથી આવી રહ્યો હતો ત્યારે ગરીબ લોકોએ મને જોઈ ઉભો રાખ્યો હતો. જુગારમાં યુવકો પકડાયા બાદ છોડવા માટે પોલીસ પૈસા માગી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. જેથી હું પોલીસ સ્ટેશન ગયો હતો. પૂર્વ ધારાસભ્ય આ અંગે જડ સમક્ષ ફરિયાદ કરી શક્યા હોત. પરંતુ, તેમ કરવાના બદલે પોતે જ પોલીસકર્મીને જાહેરમાં પટ્ટા ઉતારી નાખવાની ધમકી આપતા જોવા મળ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, ધારાસભ્યની દબંગાઈ બાદ પણ પોલીસકર્મી સાહેબ...સાહેબ...કરતા રહ્યા હતા.

# ભાવનગરના ૬ ગેમ્બલરો ૬.૫ લાખની મત્તા સાથે જુગાર રમતા ગિરફતાર

## રૂા.૪.૬૬ લાખ પોલીસને પટમાંથી મળ્યા અને સાથે મોબાઈલ મળી ૬.૫ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો : બોરતળાવ પોલીસની કામગીરી




ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

ભાવનગર બોરતળાવ પોલીસે ગઈકાલે મોડીરાત્રે ૬ ગેમ્બલરોને રૂા.૬.૫ લાખની મત્તા સાથે જુગાર રમતા ગિરફતાર કર્યા હતા. પોલીસને પટમાંથી ૪.૬૬ લાખ રોકડા મળ્યા હતા અને આરોપીઓ પાસે રહેલા મોબાઈલ સહિતની મત્તા મળી કુલ રૂા.૬.૫ લાખની માલમત્તા પોલીસે કબ્જે કરી આરોપીઓ સામે કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

જુગાર રમતા ઝડપાયેલા આરોપીઓમાં અનુક્રમે યુનુસ હાજીભાઈ લોહિયા, આરીફ મેમણ, આરીફ હુસેન ઘોઘારી, મુનફ મહંમદ ભાઈ શેખ, કાદર ગફારભાઈ લોહિયા, આસિફ મોહમ્મદ હુસેન દોહલાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડા રૂપિયા ૪,૬૬,૦૦૦ અને મોબાઈલ અને અંગજડતી દરમિયાન મળી આવેલા રોકડા રૂપિયા ૩૫૦૦૦ એમ કુલ મળી પોલીસે છ શખ્સોને ૬,૦૫,૫૦૦નાં મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજપરા ખોડિયાર ચોકડીએ PGVCLનો થાંભલો જીવલેણ ભાજપના મહામંત્રીએ તંત્રને જાણ કરતા થાંભલો ઉતારાયો

## જિલ્લા ભાજપના માલધારી સેલના મહામંત્રી લાલાભાઈ ચોહલાએ વરતેજ પીજીવીસીએલને જાણ કરતા વહિવટી તંત્રનો કાફલો તાત્કાલિક બનાવ સ્થળે પહોંચ્યો, દૂર્ઘટના ટળી




ગુજરાત છાયા, ભાવનગર,તા.૧૩

ભાવનગર શહેરથી નજીકના પ્રસિદ્ધ રાજપરા ખોડિયાર મંદિરે જતા માર્ગમાં વચ્ચે જ આવતા રાજપરા ચોકડી ખોડીયાર મંદિરના પ્રવેશ દ્વાર સામેના માર્ગ પર પીજીવીસીએલનો એક થાંભલો જમીનદોસ્ત થવાની તૈયારીમાં હોય અને જો આ થાંભલો પડી જાય તો વિજકરંટથી લઈ મોટી દુર્ઘટના સર્જાઇ અને રાહદારીઓને કરંટ લાગે અને મોટી દુર્ઘટના ઉભી થાય તેવી સ્થિતિ જોવા મળતા સ્થાનિક વિસ્તારના અગ્રણી અને ભાવનગર જિલ્લા ભાજપના માલધારી સેલના મહામંત્રી સેવાભાવી આગેવાન લાલાભાઈ ચોહલાએ તાત્કાલિક આ બાબતે પીજીવીસીએલ વરતેજને જાણ કરી હતી અને તાત્કાલિક આ થાંભલાને ઉતારી લેવા અને સ્થાનિક વિસ્તારના વેપારીઓ તેમજ રહિશોને તેમજ રાહદારીઓને કોઇ મુસ્કેલીઓ ન પડે તે પણ જોવા જણાવતા વરતેજ પીજીવીસીએલનો કાફલો તાત્કાલિક બનાવ સ્થળે પહોંચ્યો હતો.

વરતેજ પીજીવીસીએલનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચ્યો ત્યારે ભાજપના લાલાભાઈ ચોહલા બનાવ સ્થળે હાજર જ હતા અને તેમણે તાત્કાલિક વિજ તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓને સાથે રાખી દુર્ઘટનાગ્રસ્ત થાંભલાની વિગતો બયાન કરી દર્શાવી આ થાંભલો અહિંથી ઉતરાવ્યો હતો અને મોટી જાનહાની ટળી હતી. પીજીવીસીએલના અધિકારીઓએ પણ લાલાભાઈ ચોહલાની આ સેવાભરી કામગીરીની સરાહના કરી હતી અને પ્રત્યેક જાગૃત નાગરિકે આ રીતે કોઈપણ જગ્યાએ કોઇ દુર્ઘટનાગ્રસ્ત થાંભલો કે વિજસમસ્યા જણાતી હોય તો તંત્રને તાત્કાલિક જાણ કરવા સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

# ઈન્સ્ટાગ્રામમા ફેક એકાઉન્ટ બનાવનાર ઈસમની અટકાયત



ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩

સાયબર ક્રાઈમ પો.સ્ટે. ભાવનગર વિભાગ,ભાવનગર ખાતે ગઈ તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ ફરીયાદીશ્રી સંજયભાઈ ગણેશભાઇ ભોજ રહે.રંઘોળા ગામ,તા.ઉમરાળા જી.ભાાનગરવાળાએ પોતાની ફરીયાદ હકીકત નોંધાવેલ જેમા કોઈ અજાણ્યા ઈસમે ઈન્સ્ટાગ્રામ એપ્લીકેશનમા ખોટુ નામ ધારણ કરી ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીના બહેનને સમાજમાં તેમજ તેના પરિવારમાં બદનામ કરવાના ઈરાદે તેમના ચારિત્રને હાની થાય તેવા શબ્દોનો ઉપયોગ કરી ફરીયાદીશ્રીના ઈન્સ્ટાગ્રામ મેસેન્જરમા મેસેજ મોકલી ફરીયાદીશ્રી તથા તેમના પરિવારના સભ્યોને હેરાન કરતો હોય જે બાબતે આઈ.ટી.એકટ હેઠળ સાયબર ક્રાઈમ પો.સ્ટે.મા ગુનો રજી. કરવામા આવેલ. સદરહુ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ભાવનગર પોલીસ મહાનિરીક્ષકશ્રી અશોક કુમાર સાહેબે આ ગુનાના આરોપીની ભાળ મેળવી તેના વિરૂધ્ધમા ત્વરીત કાયદેસરની કાર્યવાહી કરવા માટે સુચના આપેલ. જે સુચના અન્વયે સા.ક્રા.પો.સ્ટે. ના ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.એચ.બાર ના માર્ગદર્શન હેઠળ ટેકનીકલ ટીમ તથા સાયબર ક્રાઈમ પો.સ્ટે.સ્ટાફ દ્વારા એકાઉન્ટ બનાવનારની માહિતી મેળવવા સારૂ ઈન્સ્ટાગ્રામ તરફથી આ ફેક એકાઉન્ટની માહિતી મેળવી તેમજ તમામ માહિતીનુ એનાલીસીસ કરી આ ફેક એકાઉન્ટ બનાવનાર ઈસમ નિકુંજભાઈ રમેશભાઈ રૈયાણી ઉવ.૩૩ ધંધો-નોકરી રહે.સણોસરા ગામ,તા.શિહોર જી.ભાવનગર,હાલ રહે.પ્લોટ નં.૧૧૨ શેરી નં.-૫ નિર્મળનગર ભાવનગરવાળો હોવાનુ જણાય આવેલ.જેથી મજકુર ઈસમને આ ગુનાના કામે ધોરણસર અટક કરેલ છે. આ સમગ્ર કામગીરી ભાવનગર પોલીસ મહાનિરીક્ષકશ્રી અશોક કુમાર સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર.એચ.બાર તથા ટેકનીકલ ટીમ તથા સાયબર ક્રાઈમ પો.સ્ટે.સ્ટાફ દ્વારા કરવામા આવેલ.

# જૂનાગઢમાં સતત ત્રીજા દિવસે વરસાદ

જૂનાગઢ,તા.૧૩



ગુજરાતમાં મેઘરાજાએ પોતાની બેટિંગ શરૂ કરી દીધી છે અને  છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૯૧ તાલુકામાં ઓછો-વધારે વરસાદ નોંધાયો છે.રાજ્યના ૧૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે વરસાદ ખેડા જિલ્લાના નડિયાદમાં ૩૯ એમ.એમ. નોંધાયો છે. સુરતના ઓલપાડમાં ૧૫ એમ.એમ. વરસાદ પડ્યો છે. અરવલ્લીના મેઘરજમાં અડધા કલાકમાં જ એક ઈંચ વરસાદ પડ્યાના સમાચાર પ્રાપ્ત થયા છે. જૂનાગઢ જિલ્લામાં આજે સતત ત્રીજા દિવસે વરસાદ પડ્યો છે. વરસાદને પગલે શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. ભારે ઉકળાટ બાદ વરસાદ પડતા લોકોએ રાહત અનુભવી હતી. શહેરમાં આજે પવન સાથે વરસાદનું આગમન થયું હતું.જયારે અરવલ્લી તાલુકાના મેઘરજમાં વરસાદે તોફાની બેટિંગ રમી હતી. અહીં અડધા જ કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. વરસાદને પગલે નગરમાંથી પસાર થતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પણ વરસાદથી પાણી ભરાયા હતા. આજે મહિસાગર જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. લુણાવાડાના ગ્રામ્ય વિસ્તારમાં ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. જિલ્લાના વિરનીયા ગામ વિસ્તારમાં વરસાદના આગમનથી ઠંડક પ્રસરી હતી. વરસાદના આગમનથી ખેડૂતોમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મલ્યો હતો. દેવભૂમિ દ્વારકામાં પણ આજે વરસાદની પધરામણી થઈ છે. દ્વારકા તાલુકાના મીઠાપુર, આરંભડા વિસ્તારોમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. વાતાવરણમાં આવેલ પલટા બાદ ધીમીધારે વરસાદનું આગમન થતા ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે.

● મુદ્રક-પ્રકાશક : ખીમાણી ઈરફાનભાઈ મજીદભાઈ ● માલીક : ખીમાણી ઈરફાનભાઈ મજીદભાઈ ● મુદ્રણ સ્થાન : સુપ્રભાત સૌરાષ્ટ્ર પ્રકાશન, પ્લોટ નં. ૧, લીલા નેનોની બાજુમાં, તળાજા રોડ, અધેવાડા, ભાવનગર, ગુજરાત-૩૬૪૦૦૨ ● પ્રકાશન સ્થળ : ગુજરાત છાયા, ૨૦૧, ગીતાંજલી કોમ્પલેક્ષ, સી- ડીવીઝન પોલીસ સ્ટેશન સામે, ભાવનગર, ગુજરાત-૩૬૪૦૦૧ ● તંત્રી : રેખાબેન રાજેશભાઈ જોષી ●

# તળાજા-મહુવાના ગ્રામ વિસ્તારોમાં ગાજ-વિજ સાથે વરસાદ

## રાજકોટમાં વીજળીના કડાકા ભડાકા સાથે પોણા ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો

## માર્ગો પર પાણી ફરી વળ્યા : જિલ્લામાં વરસાદી માહોલ સર્જાયો વાતાવરણમાં ઠંડક પ્રસરી



**ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩**

રાજ્યના અનેક જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે ભાવનગર જિલ્લાના મહુવા-તળાજા વિસ્તારમાં પણ પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

તળાજા પંથકના પાદરગઢ, કુંડવી, બોરડી, ગાધેસર, વાટલીયા, જાગધાર, રોયલ, સાંગાણા, કામરોળ સહિતના ગ્રામ્ય પંથકમાં આજ સવારથી વાદળછાયું વાતાવરણ બાદ પવન સાથે વરસાદ શરૂ થયો હતો, જેને લઈ માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

આ ઉપરાંત મહુવા શહેર અને પંથકમાં પણ ભારે બફારા બાદ નેવાધાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જેથી લોકોને ગરમીમાં રાહત મળી હતી. આકારો ઉનાળો સહન કર્યા બાદ જયારે હવે વરસાદી માહોલ જામ્યો છે. જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોમાં એક પ્રકારે આનંદની અનુભૂતિ જોવા મળી રહી છે. જોકે, જગતનો તાત હજું વાવણી લાયક વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યો છે.

રાજકોટમાં આજે સતત ત્રીજા દિવસે મેઘરાજાએ મહેર કરી છે. સવારથી બપોર સુધી અસહ્ય ગરમીને કારણે લોકો અકળાયા હતા. પરંતુ બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવતા કાળા ડિબાંગ વાદળો સાથે આકાશ ઘેરાયું હતું. બાદમાં પ્રચંડ વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગરમીમાંથી રાહત મેળવવા ભૂલકાંઓ ઘરમાંથી બહાર નીકળી વરસાદમાં ન્હાવાની મજા માણી હતી. શહેરના મવડીમાં નીચાણવાળી સોસાયટીઓમાં પાણી ભરાતા લોકો પરેશાન બન્યા છે. રાજકોટ ઝોનવાઈઝ વરસાદની વાત કરીએ તો સેન્ટ્રલ રાજકોટમાં પોણો ઇંચ, પશ્ચિમ રાજકોટમાં પોણા ત્રણ ઇંચ અને પૂર્વ રાજકોટમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો છે.

# ભાવનગરના તમામ પેટ્રોલ પંપો મોડી સાંજે બંધ : કલેકટરે કહ્યું, ગભરાવવાની જરૂર નથી




## ભાવનગરમાં પેટ્રોલ ડિઝલનો પુરવઠો પુરતા પ્રમાણમાં છે, સવારે ૧૧ વાગે પંપો પરથી નિયમિત ઈંધણ મળતું થઈ જશે

**ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩**

ભાવનગરમાં પેટ્રોલ-ડિઝલનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નથી તેવાં આજ સવારથી ભાવનગર શહેરમાં ફેલાયેલા સમાચારો અને પેટ્રોલ પંપ પર બિનજરૂરી કતારો લાગવા બાબતે સ્પષ્ટતા કરતાં કલેકટરશ્રીએ જણાવ્યું છે કે, ભાવનગરમાં પેટ્રોલ-ડિઝલનો પુરવઠો પૂરતા પ્રમાણમાં છે. લોકોએ બિનજરૂરી રીતે ગભરાવવાની જરૂર નથી. આ બાબતે કલેકટરશ્રીએ જિલ્લાના પેટ્રોલ પંપ માલિકો, ડિલરો તથા તેઓના એસોસિએશન સાથે ટેલિફોનિક વાતચીત પણ કરી છે અને આવતીકાલે તેઓની સાથે બેઠક પણ યોજવાના છે. પેટ્રોલ પંપ માલિકોએ પણ પેટ્રોલ પંપ પર પૂરતો પેટ્રોલ અને ડિઝલનો પૂરતો પુરવઠો છે તે બાબતે કલેકટરશ્રીને ટેલિફોનિક વાતચીતમાં ખાતરી આપી છે.

આ ઉપરાંત જો કોઈ જગ્યાએ પેટ્રોલ-ડિઝલનો પુરવઠો કદાચ ખૂટ્યો હશે તો આવતીકાલ સુધીમાં તેને પહોંચતો કરીને યથાવત સ્થિતિમાં લાવી દેવા માટે પુરવઠા તંત્રને કલેકટરશ્રીએ સૂચના આપી છે.

ભાવનગરમાં પેટ્રોલ-ડિઝલનો પુરવઠો ખૂટી ગયાના વહેતાં થયેલા સમાચારને કારણે લોકો દ્વારા પેટ્રોલ પંપ પર બિનજરૂરી ભીડ કરીને પેટ્રોલ, ડિઝલ લેવાં માટે લાઈનો લગાવી રહ્યાં છે તે બાબતે કલેકટરશ્રીએ જણાવ્યું છે કે, લોકોએ આવી અફવાઓથી ગેરમાર્ગે દોરાવવાની જરૂર નથી તેમજ ગભરાવવાની જરૂર નથી. લોકો આ બાબતે આશ્વસ્થ રહે. જિલ્લા વહીવટીતંત્ર આ બાબતે સજાગ છે અને આવી કોઈપણ બાબતથી ગેરમાર્ગે ન દોરાવા માટે પણ કલેકટરશ્રીએ જાહેર જનતાને અપીલ કરી છે.

# કુંભારવાડામાં ખુલ્લી જગ્યામાં ખાલી ટીપડા અને કચરાના ઢગલાંમાં આગ ભભૂકી

## બે જુદા જુદા સ્થળો પર આગના છમકલાં થયા, ફાયર કાફલો પહોંચ્યો

**ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩**

ભાવનગર શહેરના કુંભારવાડા મોતી તળાવ રોડ પર આવેલા રામાપીરના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં આજરોજ સવારે ઓઈલના ખાલી ટીપડા તથા કચરાના જથ્થામાં આગ લાગી હતી. ગઈકાલે પણ તે જગ્યાએ મોડી સાંજે આગ લાગી હતી. ત્યારે ફરી આજે સવારે આગ લાગી હતી. તેમજ શહેરના ચિત્રા વિસ્તારમાં આવેલી માર્કેટીંગ યાર્ડ પાસે દુકાન પાસે ખુલ્લી જગ્યામાં પણ આગ લાગી હતી. આ અંગે ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરતા ફાયરબ્રિગેડની એક ગાડીએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.



આ સમગ્ર બનાવ અંગે ફાયર વિભાગમાંથી જાણવા મળતી વિગતો અનુસાર આજે સવારે ૮:૧૫ કલાકે ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો કે, શહેરના કુંભારવાડા મોતી તળાવ રોડ પર આવેલા રામાપીરના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં પડેલા ઓઈલના ખાલી ટીપડા તથા કચરાના જથ્થોમાં કોઈ આકસ્મિક કારણોસર આગ લાગી છે. જેથી ફાયરબ્રિગેડનો કાફલો દોડી આવ્યો હતો અને સતત પાણીનો છંટકાવ કરી આગપર કાબૂ મેળવ્યો હતો. બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

ગઈકાલે કુંભારવાડા મોતી તળાવ રોડ પાસે શેરી નંબર.૮ માં આવેલી ખુલ્લી જગ્યામાં ઓઈલના ટીપડા તથા કચરામાં આગ લાગી હતી. ત્યારે બીજા દિવસે તે જ સ્થળ પર આગ લાગી હતી જેમાં ફાયર બ્રિગેડના કાફલાએ દોડી આવી પાણીનો છટકાવ કરી આગ પર કાબૂ મેળવ્યો હતો.

બીજો બનાવ શહેરના ચિત્રા વિસ્તારમાં આવેલી માર્કેટીંગ યાર્ડ પાસે દુકાન નંબર અ-૮૪, ૮૫ ની વચ્ચે ખુલ્લી જગ્યામાં કચરામાં આજે સવારે ૧૦ વાગ્યા આસપાસ આગ લાગી હતી. આ અંગે ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને ઓલવી નાખી હતી.

# ભાવનગરની શાળાઓમાં બાળકોનો કલરવ શરૂ : ૪૧૬ શાળાઓ ખુલી

## ૧.૧૬ લાખ વિદ્યાર્થીઓ શાળાએ પહોંચ્યા વેકેશન બાદ ફરીથી શાળાઓમાં બાળકોનો અવાજ ગૂંજ્યો : શિક્ષકો પણ નોકરી પર લાગ્યા

**ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩**

ભાવનગર શહેર અને જિલ્લાની શૈક્ષણીક સંસ્થાઓ ૩૫ દિવસીય ગ્રીષ્મકાલીન વેકેશન પૂર્ણ થતા આજરોજ સોમવારથી રાબેતા મુજબ શરૂ થયું હતું. ઉનાળુ વેકેશન બાદ આજથી શાળાઓ ખુલતા જિલ્લાની માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની પ્રથમ દિવસે પાંખી હાજરી જોવા મળી હતી. બીજી તરફ વેકેશન બાદ ફરીથી શાળામાં આવતાં કેટલાંક ભૂલકાં હર્ષોલ્લાસ સાથે અન્ય મિત્રોને મળતા અને વેકેશનમાં માણેલી મજા શેર કરતા જોવા મળ્યા હતા. શાળાઓમાં વર્ગખંડમાં બાળકો વગર સૂનું લાગતું હતું, જે હવે શિક્ષણ શરૂ થતા ખિલખિલાટ જોવા મળી રહ્યો છે. નવા શૈક્ષણિક સત્રના આરંભ સ્થાનિક સ્ટેશનરી દુકાનમાં પાઠ્યપુસ્તકો, રજીસ્ટર, નોટબુક, નવનીત પોથીઓ, ગાઈડ અને સાહિત્ય તેમજ અન્ય સ્ટેશનરીની ચીજવસ્તુઓ તેમજ સ્કૂલ બેગ, શુઝ તથા યુનિફોર્મ સહિતની આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે અંતિમ તબક્કામાં સ્થાનિક મુખ્ય બજારોમાં ગ્રાહકો ખરીદી કરવા મળ્યા હતા.



# ભાવનગરની ITI ખાતે યોજાયેલા ભરતી મેળામાં ૬૦૦ ઉમેદવારો જોડાયા : ૧૩ કંપનીઓ હાજર રહી



**ગુજરાત છાયા, ભાવનગર, તા.૧૩**

ભાવનગર શહેરના વિદ્યાનગર ખાતે આવેલ મહિલા આઈ.ટી.આઈ. ખાતે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત મેગા ભરતી મેળો યોજાયો હતો જેમાં ભાવનગર જિલ્લાભર માંથી ૬૦૦ થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત મેળો યોજાયોગુજરાત સરકારની મહત્વની યોજના મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ભાવનગર જીલ્લામાં સમાવિષ્ટ ભાવનગર મહાનગરપાલિકા તથા વિવિધ ખાનગી અને સેવાકીય એકમોમાં એપ્રેન્ટીશીપ તાલીમ યોજના અંતર્ગત ખાલી જગ્યાઓ પર ધોરણ ૮ પાસથી ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ કે ફ્રેશર ઉમેદવાર તરીકે જે કોઈ ઉમેદવારો જોડાવા માંગતા હોય તેવા ઉમેદવારો માટે ભાવનગર જીલ્લાની આઈ.ટી.આઈ (મહિલા) ભાવનગર ખાતે સોમવારના રોજ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જુદી-જુદી ૧૩થી વધુ કંપનીઓ મેળામાં જોડાઈઆ એપ્રેન્ટીસ ભરતી મેળામાં શહેરની જુદી-જુદી ૧૩ થી વધુ કંપનીઓ જોડાય હતી, આ ભરતી મેળામાં ૬૦૦થી વધુ ઉમેદવારોએ આવ્યા હતા જેમાં પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, મિકેનિકલ, કોપા, વાયરમેન સહિતના વિવિધ ટ્રેડના ઉમેદવારોએ ભરતીમેળામાં ભાગ હતો.